# બિહેવિયર ઍનાલિસ્ટ સર્ટિફિકેશન બૉર્ડ®

# વર્તણૂક વિશ્લેષકો માટે વ્યવસાયિક અને નૈતિક અનુપાલન સંહિતા

**Disclaimer:** This translation is offered as a general reference. Nuances in translation may impact the selection of terminology. The BACB does not warrant or guarantee the accuracy of translated versions of BACB documents.

**જાહેર અસ્વીકૃતિ:** આ અનુવાદ સામાન્ય સંદર્ભ માટે પ્રસ્તુત કરવામાં આવ્યો છે. અનુવાદમાંના સૂક્ષ્મ ભેદ પારિભાષિક શબ્દાવલિની પસંદગીને અસર કરી શકે છે. BACB દસ્તાવેજોના અનુવાદિત સંસ્કરણોની સચોટતા માટે BACB કોઈ પ્રકારની ખાતરી કે બાંયધરી આપતું નથી.

BACBની *વર્તણૂક વિશ્લેષકોના જવાબદાર આચરણ માટેની વ્યવસાયિક શિસ્તપાલન અને નૈતિક ધોરણો અને માર્ગદર્શિકાઓને* સ્થાને અમલમાં આવતી બિહેવિયર ઍનાલિસ્ટ સર્ટિફિકેશન બૉર્ડ (BACB)ની *વર્તણૂક વિશ્લેષકો માટેની વ્યવસાયિક અને નૈતિક અનુપાલન સંહિતા* ("સંહિતા") સશક્ત તથા અદ્યતન છે. આ સંહિતામાં વર્તણૂક વિશ્લેષકો માટે વ્યવસાયિક અને નૈતિક વર્તણૂક સંબંધી 10 વિભાગો છે, જેમાં પારિભાષિક શબ્દાવલી પણ છે. **1 જાન્યુઆરી, 2016** થી સર્વે BACB આવેદનકર્તાઓ, પ્રમાણપત્ર પ્રાપ્તકર્તાઓ અને નોંધણી કરાયેલ સભ્યો આ સંહિતાનું પાલન કરે તે જરૂરી બનશે.

વર્તણૂક વિશ્લેષકો માટે વ્યવસાયિક આચરણ માટેની માર્ગદર્શિકાઓના મૂળભૂત સંસ્કરણમાં લેખકોએ નિમ્નલિખિત સંગઠનોની નૈતિક સંહિતાઓનો સ્વીકાર કર્યો હતો: અમેરિકન એન્થ્રોપોલોજિકલ ઍસોસિએશન, અમેરિકન એજ્યુકેશનલ રિસર્ચ ઍસોસિએશન, અમેરિકન સાયકોલોજિકલ ઍસોસિએશન, અમેરિકન સોશિયોલોજિકલ ઍસોસિએશન, કેલિફોર્નિયા ઍસોસિએશન ફૉર બિહેવિયર ઍનાલિસિસ, ફ્લોરિડા ઍસોસિએશન ફૉર બિહેવિયર ઍનાલિસિસ, નેશનલ ઍસોસિએશન ઑફ સોશિઅલ વર્કર્સ, નેશનલ ઍસોસિએશન ઑફ સ્કૂલ સાયકોલોજિસ્ટ્સ, અને ટેક્સાસ ઍસોસિએશન ફૉર બિહેવિયર ઍનાલિસિસ. અમે આ વ્યવસાયિક સંગઠનોના આભારી છીએ કે જેમણે પ્રદાન કરેલા નોંધપાત્ર માર્ગદર્શન અને સ્પષ્ટ પ્રારૂપોના આધારે આ સંહિતા રચાઈ છે.

BACBના બૉર્ડ ઑફ ડાયરેક્ટર્સ દ્વારા 7 ઑગસ્ટ, 2014 ના રોજ મંજૂર.

© 2014 Behavior Analyst Certification Board,® Inc. (BACB®), સર્વાધિકાર સુરક્ષિત. સંસ્કરણ 11 મે, 2015.

અનુક્રમણિકા


**1.0 વર્તણૂક વિશ્લેષકોનું જવાબદાર આચરણ**

1.1 વૈજ્ઞાનિક માહિતી પર વિશ્વાસRBT

1.2 સામર્થ્યની સીમાઓRBT

1.3 વ્યવસાયિક વિકાસ દ્વારા સામર્થ્યની જાળવણીRBT

1.4 અખંડિતતાRBT

1.5 વ્યવસાયિક અને વૈજ્ઞાનિક સંબંધોRBT

1.6 એકથી વધુ સંબંધો અને હિતોની વિસંવાદિતાRBT

1.7 શોષક સંબંધોRBT

**2.0 ક્લાયન્ટો પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની જવાબદારી**

2.1 ક્લાયન્ટો સ્વીકારવા

2.2 જવાબદારીRBT

2.3 સલાહ

2.4 સેવાઓમાં તૃતીય પક્ષનો સમાવેશ

2.5 ક્લાયન્ટોના અધિકારો અને વિશેષાધિકારોRBT

2.6 ગોપનીયતાની જાળવણીRBT

2.7 તથ્યોની નોંધની જાળવણીRBT

2.8 પ્રકટીકરણRBT

2.9 સારવાર/હસ્તક્ષેપની આવડત

2.10 વ્યવસાયિક કાર્ય તથા સંશોધનનું દસ્તાવેજીકરણRBT

2.11 તથ્યોની નોંધ અને ડેટાRBT

2.12 કરાર ફી અને આર્થિક વ્યવસ્થાઓ

2.13 બિલિંગ રિપોર્ટમાં સચોટતા

2.14 સલાહ માટે તજ્જ્ઞ પાસે મોકલવા અને ફી

2.15 સેવાઓ વચમાં અટકાવવી અથવા બંધ કરવી

**3.0 વર્તણૂકનું મૂલ્યાંકન**

3.1 વર્તણૂક-વિશ્લેષણકારી મૂલ્યાંકનRBT

3.2 તબીબી સલાહ

3.3 વર્તણૂક-વિશ્લેષણકારી મૂલ્યાંકનની સંમતિ

3.4 મૂલ્યાંકનના પરિણામો સમજાવવા

3.5 સંમતિ - ક્લાયન્ટના તથ્યોની નોંધ

**4.0 વર્તણૂક વિશ્લેષકો અને વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમ**

4.1 પરિકલ્પનાનું સાતત્ય

4.2 આયોજનમાં ક્લાયન્ટનો સમાવેશ અને સંમતિ

4.3 વ્યક્તિગત વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમો

4.4 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમો મંજૂર કરવા

4.5 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમના હેતુઓનું વર્ણન કરવું

4.6 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમની સફળતા માટેની પરિસ્થિતિઓનું વર્ણન કરવું

4.7 અમલીકરણમાં ખલેલ કરતી પર્યાવરણીય પરિસ્થિતિઓ

4.8 સજા પદ્ધતિઓ સંબંધી વિચાર

4.9 ન્યૂનતમ પ્રતિબંધકારી પદ્ધતિઓ

4.10 હાનિકારક પ્રબળતાઓ ટાળવીRBT

4.11 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમો અને વર્તણૂક-વિશ્લેષણ સંબંધી સેવાઓ બંધ કરવી

## 5.0 નિરીક્ષક તરીકે વર્તણૂક વિશ્લેષકો

5.1 નિરીક્ષણનું સામર્થ્ય

5.2 નિરીક્ષણની માત્રા

5.3 નિરીક્ષક પ્રતિનિધિ મંડળ

5.4 અસરકારક નિરીક્ષણ તથા પ્રશિક્ષણની રચના

5.5 નિરીક્ષણની પરિસ્થિતિઓ વિશે સંદેશાવ્યવહાર

5.6 નિરીક્ષિતોને પ્રતિભાવ આપવો

5.7 નિરીક્ષણની અસરોનું મૂલ્યાંકન

## 6.0 વર્તણૂક વિશ્લેષકોના વ્યવસાય પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની નૈતિક જવાબદારી

6.1 સિદ્ધાંતોની પુષ્ટિ કરવીRBT

6.2 વર્તણૂક વિશ્લેષણનો પ્રસાર કરવોRBT

## 7.0 સહકાર્યકરો પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની નૈતિક જવાબદારી

7.1 નૈતિક સંસ્કૃતિનો પ્રચાર કરવોRBT

7.2 અન્યો દ્વારા નૈતિક ઉલ્લંઘન અને હાનિનું જોખમRBT

## 8.0 જાહેર નિવેદનો

8.1 ખોટાં અથવા છેતરામણાં નિવેદનો કરવાનું ટાળવુંRBT

8.2 બૌદ્ધિક સંપદાRBT

8.3 અન્યોના નિવેદનોRBT

8.4 મિડીયાને રજૂઆતો અને મિડીયા-આધારિત સેવાઓ

8.5 પ્રશંસાપત્રો અને જાહેરાતRBT

8.6 રૂબરૂ સલાહRBT

## 9.0 વર્તણૂક વિશ્લેષકો અને સંશોધન

9.1 કાયદા અને નિયમોનું પાલન[RBT]

9.2 જવાબદાર સંશોધનની લાક્ષણિકતાઓ

9.3 માહિતગાર સંમતિ

9.4 ઉપદેશાત્મક અથવા નિર્દેશાત્મક હેતુઓ માટે ખાનગી માહિતીનો ઉપયોગ કરવો

9.5 કાર્યાંતે અહેવાલ

9.6 અનુદાન અને જર્નલની સમીક્ષાઓ

9.7 બૌદ્ધિક ચોરી

9.8 યોગદાનોનો સ્વીકાર કરવો

9.9 ડેટાની સચોટતા અને તેનો ઉપયોગ[RBT]

## 10.0 BACB પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની નૈતિક જવાબદારી

10.1 BACBને સાચી તથા સચોટ માહિતી પૂરી પાડવી[RBT]

10.2 BACBને સમયસર પ્રતિસાદ આપવો, અહેવાલ આપવો અને તેને પ્રદાન કરેલી માહિતી અદ્યતન કરવી[RBT]

10.3 ગોપનીયતા અને BACB બૌદ્ધિક સંપદા[RBT]

10.4 પરીક્ષાગત પ્રમાણિકતા અને અનિયમિતતા[RBT]

10.5 BACBના નિરીક્ષણ તથા અભ્યાસક્રમના ધોરણોનું અનુપાલન[RBT]

10.6 આ સંહિતા સાથે પરિચય કેળવવો

10.7 અપ્રમાણિત વ્યક્તિઓ દ્વારા થતા પ્રતિનિધિત્વને પ્રોત્સાહન ન આપવું[RBT]

[RBT = **સંહિતાનો આ ઘટક** Registered Behavior Technicians™ **સાથે સંબંધિત છે**]

## 1.0 વર્તણૂક વિશ્લેષકોનું જવાબદાર આચરણ.

વર્તણૂક વિશ્લેષકો વ્યવસાયના વ્યવહારના ઉચ્ચ ધોરણો જાળવે છે.

## 1.1 વૈજ્ઞાનિક માહિતી પર વિશ્વાસ.RBT

માનવતાની સેવાની જોગવાઈમાં વૈજ્ઞાનિક અથવા વ્યવસાયિક નિર્ણયો લેતી વખતે અથવા વિદ્વત્તાપૂર્ણ કે વ્યવસાયિક પ્રયાસોમાં સંકળાતી વખતે, વર્તણૂક વિશ્લેષકો વૈજ્ઞાનિક તથા વર્તણૂક-સંબંધી વિશ્લેષણના આધારે વ્યવસાયિક રૂપે નિર્ધારિત માહિતી પર આધાર રાખે છે.

## 1.2 સામર્થ્યની સીમાઓ.RBT

(a) બધા વર્તણૂક વિશ્લેષકો તેમના શિક્ષણ, પ્રશિક્ષણ અને નિરીક્ષિત અનુભવ અનુસાર તેમના સામર્થ્યની સીમાઓની અંદર જ સેવાઓ તથા શિક્ષણ આપે છે અને સંશોધન કરે છે.

(b) વર્તણૂક વિશ્લેષકો પ્રથમ યોગ્ય અભ્યાસ, પ્રશિક્ષણ લીધા બાદ, નિરીક્ષણ કર્યા બાદ અને/અથવા સંબંધિત ક્ષેત્રોના સામર્થ્યવાન સલાહકારોની સલાહ લીધા બાદ જ સેવાઓ તથા શિક્ષણ આપે છે અથવા નવાં ક્ષેત્રોમાં (દા. ત. વસ્તી, પદ્ધતિઓ, વર્તણૂકોમાં) સંશોધન કરે છે.

## 1.3 વ્યવસાયિક વિકાસ દ્વારા સામર્થ્યની જાળવણી.RBT

વર્તણૂક વિશ્લેષકો યોગ્ય સાહિત્ય વાંચીને, કૉન્ફરન્સો અને કન્વેન્શનોમાં ઉપસ્થિત થઈને, વર્કશૉપમાં ભાગ લઈને, વધારાનું કોર્સવર્ક મેળવીને અને/અથવા યોગ્ય વ્યવસાયિક ઓળખ મેળવીને અને જાળવીને તેમના ક્ષેત્રની હાલની વૈજ્ઞાનિક તથા વ્યવસાયિક માહિતી વિશેના જ્ઞાનની જાળવણી કરે છે અને તેઓ જે નિપુણતાનો ઉપયોગ કરે છે તેની જાળવણી માટે પ્રચલિત પ્રયાસો હાથ ધરે છે.

## 1.4 અખંડિતતા.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો સત્યવાદી અને પ્રમાણિક હોય છે અને અન્ય લોકોમાં સત્યવાદિતા તથા પ્રમાણિકતાને પ્રોત્સાહન આપવા માટેનું વાતાવરણ રચે છે.

(b) વર્તણૂક વિશ્લેષકો એવી સંભવિતતાઓનો અમલ નથી કરતા કે જેના કારણે અન્ય લોકો છેતરામણી, ગેરકાયદેસર અથવા અનૈતિક વર્તણૂક કરે.

(c) વર્તણૂક વિશ્લેષકો કાર્યની ઉચ્ચ ગુણવત્તા વડે ફરજો અને કરારસંબંધી તથા વ્યવસાયિક પ્રતિબદ્ધતાઓનું પાલન કરે છે અને પાલન થઈ ન શકે તેવી બાબતો માટે પ્રતિબદ્ધ થતા નથી.

(d) વર્તણૂક વિશ્લેષકોની વર્તણૂક, તેઓ જે સામાજિક તથા વ્યવસાયિક સમુદાયના સભ્યો છે તેની કાયદેસર તથા નૈતિક સંહિતાઓનું પાલન કરે છે.

(e) જો વર્તણૂક વિશ્લેષકોની નૈતિક જવાબદારીઓનો કાયદા અથવા તેઓ સંકળાયેલા હોય તે સંગઠનની કોઈ પણ નીતિ સાથે વિવાદ થાય, તો વર્તણૂક વિશ્લેષકો આ સંહિતા પ્રતિ તેમની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરે છે અને કાયદાનુસાર જવાબદારીથી વિવાદ ઉકેલવાના પગલાં લે છે. *(10.2a BACBને સમયસર પ્રતિસાદ આપવો, અહેવાલ આપવો અને તેને પ્રદાન કરેલી માહિતી અદ્યતન કરવી, પણ જુઓ)*

## 1.5 વ્યવસાયિક અને વૈજ્ઞાનિક સંબંધો.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો વ્યાખ્યાયિત, વ્યવસાયિક અથવા વૈજ્ઞાનિક સંબંધ અથવા ભૂમિકાના સંદર્ભમાં જ વર્તણૂક-વિશ્લેષણની

સેવાઓ પ્રદાન કરે છે.

(b) વર્તણૂક વિશ્લેષકો જ્યારે વર્તણૂક-વિશ્લેષણની સેવાઓ પ્રદાન કરે, ત્યારે તેઓ વર્તણૂક વિશ્લેષણના વ્યવસાયમાં વિભાવના-સંબંધે પદ્ધતિસર રહીને, આ સેવાઓ મેળવનારને પૂરેપૂરી સમજાય તેવી ભાષાનો ઉપયોગ કરે છે. તેઓ સેવા આપતાં પહેલાં આવી સેવાઓના પ્રકાર વિશે યોગ્ય માહિતી આપે છે અને બાદમાં પરિણામો તથા નિષ્કર્ષો વિશે યોગ્ય માહિતી આપે છે.

(c) વર્તણૂક વિશ્લેષકોના વિશિષ્ટ વ્યક્તિઓ અથવા સમૂહો સંબંધી કાર્યને વય, જાતિ, કુળ, સંસ્કૃતિ, વંશીયતા, મૂળ રાષ્ટ્રીયતા, ધર્મ, જાતીય અભિગમ, અક્ષમતા, ભાષા, અથવા સામાજિક-આર્થિક સ્થિતિ નોંધપાત્ર રીતે અસર કરતી હોય, ત્યારે પોતાની સેવાઓનું સામર્થ્ય સુનિશ્ચિત કરવા માટે વર્તણૂક વિશ્લેષકો આવશ્યક પ્રશિક્ષણ, અનુભવ, સલાહ અને/અથવા નિરીક્ષણ મેળવે છે અથવા તેઓ યોગ્ય તજ્જ્ઞનો સંદર્ભ આપે છે.

(d) વર્તણૂક વિશ્લેષકો પોતાની કાર્ય-સંબંધી પ્રવૃત્તિઓમાં વય, જાતિ, કુળ, સંસ્કૃતિ, વંશીયતા, મૂળ રાષ્ટ્રીયતા, ધર્મ, જાતીય અભિગમ, અક્ષમતા, ભાષા, સામાજિક-આર્થિક સ્થિતિ અથવા કાયદા દ્વારા પ્રતિબંધિત કોઈ પણ મુદ્દાના આધારે વ્યક્તિઓ અથવા સમૂહો સાથે ભેદભાવ રાખતા નથી.

(e) વર્તણૂક વિશ્લેષકો જેમની સાથે કાર્ય સંબંધી ક્રિયાપ્રતિક્રિયા કરતા હોય તેમની સાથે, કાયદા અનુસાર, તે વ્યક્તિઓની વય, જાતિ, કુળ, સંસ્કૃતિ, વંશીયતા, મૂળ રાષ્ટ્રીયતા, ધર્મ, જાતીય અભિગમ, અક્ષમતા, ભાષા, સામાજિક-આર્થિક સ્થિતિ જેવા પરિબળોના આધારે ઈરાદાપૂર્વક એવી વર્તણૂક નથી કરતા કે જે વ્યક્તિઓને હેરાનગતિ કરે અથવા તેમની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે.

(f) વર્તણૂક વિશ્લેષકો માને છે કે તેમની વ્યક્તિગત સમસ્યાઓ અને સંઘર્ષો તેમની અસરકારકતાને ખલેલ પહોંચાડી શકે છે. જ્યારે પોતાની ક્ષમતાનુસાર સર્વોત્તમ સેવા પ્રદાન કરવામાં પોતાની વ્યક્તિગત પરિસ્થિતિઓ આડખીલી બને તેમ હોય, ત્યારે વર્તણૂક વિશ્લેષકો સેવા પ્રદાન કરવાથી દૂર રહે છે.

## 1.6 એકથી વધુ સંબંધો અને હિતોની વિસંવાદિતા.RBT

(a) એકથી વધુ સંબંધોની સંભવત: હાનિકારક અસરોને કારણે વર્તણૂક વિશ્લેષકો એકથી વધુ સંબંધો રાખવાનું ટાળે છે.

(b) વર્તણૂક વિશ્લેષકોએ એકથી વધુ સંબંધોની સંભવત: હાનિકારક અસરો વિશે હંમેશાં સંવેદનશીલ રહેવું જોઈએ. જો વર્તણૂક વિશ્લેષકોને જાણવા મળે કે અનપેક્ષિત પરિબળોને કારણે એકથી વધુ સંબંધો થયા છે, તો તેઓ તેનો ઉકેલ લાવવા માટે પ્રયાસ કરે છે.

(c) વર્તણૂક વિશ્લેષકો એકથી વધુ સંબંધોની સંભવત: હાનિકારક અસરોથી વાકેફ થાય છે અને તેના વિશે ક્લાયન્ટોને તથા નિરીક્ષિતોને માહિતગાર કરે છે.

(d) વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટોને કોઈ ભેટ આપતા નથી કે તેમના તરફથી કોઈ ભેટ સ્વીકારતા નથી, કારણ કે આ એકથી વધુ સંબંધોનો ભાગ છે.

## 1.7 શોષક સંબંધો.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો વિદ્યાર્થીઓ, નિરીક્ષિતો, કર્મચારીઓ, સંશોધનના પ્રતિભાગીઓ અને ક્લાયન્ટો જેવી વ્યક્તિઓ, કે જેમના પ્રતિ તેમની નિરીક્ષણ કરવાની, મૂલ્યાંકન કરવાની અથવા અન્ય સત્તા હોય તેમનું, શોષણ કરતા નથી.

(b) વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટો, વિદ્યાર્થીઓ અથવા નિરીક્ષિતો સાથે જાતીય સંબંધ બાંધતા નથી, કારણ કે આવા સંબંધો નિર્ણયશક્તિને નબળી પાડે છે અથવા શોષક બને છે.

(c) વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટો, વિદ્યાર્થીઓ અથવા નિરીક્ષિતો સાથેનો વ્યવસાયિક સંબંધ ઔપચારિક રીતે સમાપ્ત થયાના ઓછામાં ઓછા બે વર્ષ સુધી તેમની સાથે જાતીય સંબંધ બાંધવાથી દૂર રહે છે.

(d) વર્તણૂક વિશ્લેષકો સેવાઓનો વિનિમય કરતા નથી, સિવાય કે વિનિમય માટે લેખિત કરાર કરવામાં આવ્યો હોય, કે (1)

જેના માટે ક્લાયન્ટ અથવા નિરીક્ષિતે વિનંતી કરી હોય; (2) સેવાઓ પૂરી પાડવામાં આવી હોય તે વિસ્તારમાં રિવાજ હોય; અને (3) વર્તણૂક-વિશ્લેષણની પૂરી પાડવામાં આવેલી સેવાઓને યોગ્ય અને અનુરૂપ હોય.

## 2.0 ક્લાયન્ટો પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની જવાબદારી.

વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટના મહત્તમ હિતમાં કાર્ય કરવાની જવાબદારી ધરાવે છે. અહીં ઉપયોગમાં લેવામાં આવેલ ક્લાયન્ટ શબ્દ એ દરેકને લાગુ થાય છે જેને વર્તણૂક વિશ્લેષકો સેવાઓ પૂરી પાડે છે, જેમ કે અમુક વ્યક્તિ (સેવા મેળવનાર), સેવા મેળવનારના માતા-પિતા અથવા વાલી, સંગઠનના પ્રતિનિધિ, જાહેર અથવા ખાનગી સંગઠન, સંસ્થા કે કૉર્પોરેશન.

### 2.1 ક્લાયન્ટો સ્વીકારવા.

વર્તણૂક વિશ્લેષકો માત્ર એવી જ વ્યક્તિઓને તથા અસ્તિત્વોને ક્લાયન્ટ તરીકે સ્વીકારે છે જેમની વિનંતીકૃત સેવાઓ વર્તણૂક વિશ્લેષકોના શિક્ષણ, પ્રશિક્ષણ, અનુભવ, ઉપલબ્ધ સ્રોતો અને સંગઠનની નીતિઓને અનુરૂપ હોય. આ પરિસ્થિતિઓની ગેરહાજરીમાં વર્તણૂક વિશ્લેષકોએ એવા વર્તણૂક વિશ્લેષકના નિરીક્ષણ હેઠળ અથવા સલાહ મુજબ કાર્ય કરવું જોઈએ, જેનું પ્રમાણપત્ર આવી સેવાઓ આપવાની અનુમતિ આપતું હોય.

### 2.2 જવાબદારી.[RBT]

વર્તણૂક વિશ્લેષકોની જવાબદારી વર્તણૂક વિશ્લેષણની સેવાઓથી અસરગ્રસ્ત થતા સર્વ પક્ષો પ્રતિ છે. જ્યારે એકથી વધુ પક્ષો સંકળાયેલા હોય અને ક્લાયન્ટ તરીકે વ્યાખ્યાયિત થઈ શકે તેમ હોય, ત્યારે વર્તણૂક વિશ્લેષકોએ પક્ષોને સ્તરમાં વિભાજિત કરવા જોઈએ અને વ્યાખ્યાયિત સંબંધના પ્રારંભથી સંદેશાવ્યવહાર કરવો જોઈએ. વર્તણૂક વિશ્લેષકો કોઈ પણ પરિસ્થિતિમાં સેવાઓના પ્રાથમિક અંતિમ લાભાર્થીને ઓળખે તથા સંદેશાવ્યવહાર કરે છે અને તેના અથવા તેણીના હિતમાં ઉત્તમ હોય તેવી સલાહ આપે છે.

### 2.3 સલાહ.

(a) વર્તણૂક વિશ્લેષકો લાગુ થતા કાયદા તથા કરાર સંબંધી ફરજો સહિત, યોગ્ય સંમતિ સાથે, અને અન્ય સંબંધિત વિચારોને અધીન, મુખ્યત્વે તેમના ક્લાયન્ટોના ઉત્તમ હિત આધારિત યોગ્ય સલાહ તથા તજ્જ્ઞ પાસે મોકલવાની વ્યવસ્થા કરે છે.

(b) જ્યારે સૂચિત કરવામાં આવ્યું હોય અને વ્યવસાયિક રૂપે યોગ્ય હોય, ત્યારે વર્તણૂક વિશ્લેષકો તેમના ક્લાયન્ટોને અસરકારક તથા યોગ્ય રીતે સેવા આપવા માટે, વર્તણૂક વિશ્લેષકોની ફિલસૂફીજન્ય ધારણાઓ તથા સિદ્ધાંતો સાથે સુસંગત હોય તે રીતે, અન્ય વ્યવસાયિકોને સહકાર આપે છે.

### 2.4 સેવાઓમાં તૃતીય પક્ષનો સમાવેશ.

(a) વર્તણૂક વિશ્લેષકો જ્યારે તૃતીય પક્ષની વિનંતીને કારણે કોઈ વ્યક્તિને અથવા અસ્તિત્વને સેવા પ્રદાન કરવા માટે સંમત થાય છે ત્યારે, વર્તણૂક વિશ્લેષકો શક્ય હોય ત્યાં સુધી તથા સેવાના પ્રારંભે, દરેક પક્ષ સાથેના સંબંધના પ્રકાર તથા સંભવિત વિસંવાદો વિશે સ્પષ્ટતા કરે છે. આ સ્પષ્ટતામાં વર્તણૂક વિશ્લેષક (જેમ કે થેરાપિસ્ટ, સંગઠનીય સલાહકાર અથવા વિશેષજ્ઞ સાક્ષી)ની ભૂમિકા, પ્રદાન કરવામાં આવેલી સેવાઓના અથવા મેળવેલી માહિતીના સંભવિત ઉપયોગો અને ગોપનીયતાની મર્યાદાઓ હોઈ શકે છે તે હકીકતનો સમાવેશ થાય છે.

(b) જો તૃતીય પક્ષના સમાવેશના કારણે, વર્તણૂક વિશ્લેષકો માટે વિસંવાદી ભૂમિકા કરવાનું આગળથી જાણી શકાય તેવું જોખમ હોય, તો વર્તણૂક વિશ્લેષકો પોતાની જવાબદારીઓના પ્રકાર તથા દિશાનિર્દેશની સ્પષ્ટતા કરે છે, બાબતો આગળ વધે તેમ બધાં પક્ષોને યોગ્ય રીતે માહિતગાર રાખે છે અને આ સંહિતા અનુસાર પરિસ્થિતિનો ઉકેલ લાવે છે.

(c) તૃતીય પક્ષની વિનંતીને કારણે સગીર અથવા સંરક્ષિત જનતાનો સભ્ય હોય તેવી વ્યક્તિને સેવા પ્રદાન કરતી વખતે, વર્તણૂક વિશ્લેષકો સુનિશ્ચિત કરે છે કે સેવાઓના અંતિમ પ્રાપ્તકર્તાના માતા-પિતા અથવા ક્લાયન્ટ-સરોગેટને, પ્રદાન કરવામાં આવનાર સેવાઓના પ્રકાર તથા કાર્યક્ષેત્રની મર્યાદાની સાથે-સાથે બધા સેવા રેકોર્ડ તથા ડેટાના તેમના અધિકાર

વિશે, માહિતી આપવામાં આવી છે.

(d) વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટો પ્રતિ કાળજીને ટોચની પ્રાધાન્યતા આપે છે, જો તૃતીય પક્ષ વર્તણૂક વિશ્લેષકોની ભલામણોથી વિરૂદ્ધ હોય તેવી સેવાઓની આવશ્યકતાઓ રજૂ કરે, તો વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટના ઉત્તમ હિત માટે આવા વિસંવાદનો ઉકેલ લાવવા માટે બંધાયેલા છે. જો આવો વિસંવાદ ઉકેલી ન શકાય, તો ક્લાયન્ટને વર્તણૂક વિશ્લેષક તરફથી મળતી સેવાઓ, યોગ્ય સંક્રમણ બાદ, બંધ થઈ શકે છે.

## 2.5 ક્લાયન્ટોના અધિકારો અને વિશેષાધિકારો.RBT

(a) ક્લાયન્ટના અધિકારો સર્વોપરી છે અને વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટોના કાનૂની અધિકારો તથા વિશેષાધિકારોને સમર્થન આપે છે.

(b) વિનંતી થયેથી, ક્લાયન્ટોને તથા નિરીક્ષિતોને વર્તણૂક વિશ્લેષકના સચોટ તથા હાલના શાખપત્રોના સેટ પૂરા પાડવા જોઈએ.

(c) દરેક સંબંધિત મીટિંગમાં ક્લાયન્ટો તથા સંબંધિત સ્ટાફ પાસેથી ઈન્ટર્વ્યુ તથા સેવા પ્રદાન સત્રોના ઈલેક્ટ્રોનિક રેકોર્ડિંગ માટેની અનુમતિ મેળવવામાં આવે છે. ભિન્ન પ્રકારના ઉપયોગો માટેની સંમતિ વિશેષ રૂપે તથા અલગથી મેળવવી જોઈએ.

(d) ક્લાયન્ટોને તથા નિરીક્ષિતોને તેમના અધિકારો વિશે તથા વર્તણૂક વિશ્લેષકોના વ્યવસાયિક વ્યવહારો વિશે નોકરી આપનાર કંપનીને, યોગ્ય સત્તાઓને અને BACBને ફરિયાદ કરવા માટેની પદ્ધતિઓ વિશે માહિતગાર કરવા જોઈએ.

(e) વર્તણૂક વિશ્લેષકો ગુનાહિત પશ્ચાદ્ભૂમિની તપાસ માટેની બધી આવશ્યકતાઓનું પાલન કરે છે.

## 2.6 ગોપનીયતાની જાળવણી.RBT

વર્તણૂક વિશ્લેષકો જેમની સાથે કાર્ય કરે છે અથવા સલાહ લે છે તેમની ગોપનીયતાનું રક્ષણ કરવું તે તેમની પ્રાથમિક ફરજ છે અને તેના માટે તેઓ પૂરતી સાવચેતી રાખે છે, કારણ કે તેઓ જાણે છે કે કાયદા, સંગઠનના નિયમો અથવા વ્યવસાયિક કે વૈજ્ઞાનિક સંબંધો દ્વારા ગોપનીયતા સ્થાપિત થઈ શકે છે.

(a) વર્તણૂક વિશ્લેષકો સંબંધની શરૂઆતમાં અને ત્યાર બાદ નવી પરિસ્થિતિઓની આવશ્યકતાઓ અનુસાર ગોપનીયતાની ચર્ચા કરે છે.

(b) ગોપનીયતાનું ઓછામાં ઓછું ઉલ્લંઘન થાય તે માટે, વર્તણૂક વિશ્લેષકો માત્ર એવા હેતુઓ માટે યોગ્ય હોય તેવી માહિતીનો સમાવેશ કરે છે જેના માટે લેખિત, મૌખિક, ઈલેક્ટ્રોનિક અહેવાલો, સલાહો અને અન્ય માધ્યમ દ્વારા વિનંતી કરવામાં આવી હોય.

(c) વર્તણૂક વિશ્લેષકો ક્લિનિકલ અથવા સલાહકારી સંબંધોમાં પ્રાપ્ત થયેલી ગોપનીય માહિતીની કે ક્લાયન્ટો, વિદ્યાર્થીઓ, સંશોધનમાં ભાગ લેનારાઓ, નિરીક્ષિતો તથા કર્મચારીઓના મૂલ્યાંકન સંબંધી ડેટાની ચર્ચા માત્ર યોગ્ય વૈજ્ઞાનિક અથવા વ્યવસાયિક હેતુઓ માટે અને માત્ર આવી બાબતો સાથે સ્પષ્ટ રૂપે સંકળાયેલી વ્યક્તિઓ સાથે જ કરે છે.

(d) વર્તણૂક વિશ્લેષકોએ હાલના ક્લાયન્ટો તથા નિરીક્ષિતો વિશેની કોઈ પણ પ્રકારની ઓળખકારી માહિતી (લેખિત, ફોટોગ્રાફિક અથવા વિડિઓ) સામાજિક માધ્યમોમાં શેર કરવી ન જોઈએ અથવા એવી પરિસ્થિતિઓ ઉત્પન્ન ન કરવી જોઈએ જેના કારણે આવી માહિતી શેર થાય.

## 2.7 તથ્યોની નોંધની જાળવણી.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો તેમના નિયંત્રણ હેઠળના તથ્યોની નોંધોની રચના, સંગ્રહ, પહોંચ, સ્થાનાંતરણ અને નિકાલ માટે યોગ્ય ગોપનીયતાની જાળવણી કરે છે, પછી આ નોંધો લેખિત, ઑટોમેટેડ, ઈલેક્ટ્રોનિક કે અન્ય કોઈ માધ્યમમાં હોય, તો પણ.

(b) વર્તણૂક વિશ્લેષકો લાગુ થતા કાયદાઓ, નિયમનો, કૉર્પોરેટ નીતિઓ તથા સંગઠનીય નીતિઓ અનુસાર અને આ

સંહિતાની આવશ્યકતાઓ સાથે સુસંગત હોય તે રીતે તથ્યોની નોંધોની જાળવણી તથા નિકાલ કરે છે.

### 2.8 પ્રકટીકરણ.RBT

વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટની સંમતિ વિના ક્યારેય ગોપનીય માહિતી પ્રકટ કરતા નથી, સિવાય કે કાયદા દ્વારા ફરજિયાત હોય અથવા જ્યાં માન્ય હેતુ માટે કાયદા દ્વારા અનુમતિ પ્રાપ્ત હોય, જેમ કે (1) ક્લાયન્ટને આવશ્યકતા મુજબની વ્યવસાયિક સેવાઓ પ્રદાન કરવા માટે, (2) યોગ્ય વ્યવસાયિક સલાહો મેળવવા માટે, (3) ક્લાયન્ટ અથવા અન્ય લોકોનું હાનિથી રક્ષણ કરવા માટે અથવા (4) સેવાઓ માટેની ચુકવણી મેળવવા માટે, જે કિસ્સામાં, હેતુ પાર પાડવા માટે જરૂરી હોય ત્યાં સુધી જ માહિતીનું પ્રકટીકરણ સીમિત હોય છે. વર્તણૂક વિશ્લેષકો માને છે કે પ્રકટીકરણની સંમતિના પરિમાણો કોઈ પણ વ્યાખ્યાયિત સંબંધની શરૂઆતમાં જ મેળવવા જોઈએ અને આ વ્યવસાયિક સંબંધના સમયગાળા દરમિયાન સતત ચાલતી પ્રક્રિયા છે.

### 2.9 સારવાર/હસ્તક્ષેપની આવડત.

(a) ક્લાયન્ટોને અસરકારક (દા. ત. સંશોધનના સાહિત્ય આધારિત તથા ક્લાયન્ટ વિશેષને અનુરૂપ) સારવાર મેળવવાનો અધિકાર છે. વર્તણૂક વિશ્લેષકોની હંમેશાં ફરજ બને છે કે તેઓ વૈજ્ઞાનિક રીતે સમર્થિત, મહત્તમ-અસરકારક સારવાર પ્રક્રિયાઓનું સમર્થન કરે અને ક્લાયન્ટને તે વિશે માહિતગાર કરે. અસરકારક સારવાર પ્રક્રિયાઓ માન્ય રાખવામાં આવી છે, કારણ કે તેમાં ક્લાયન્ટોને તથા સમાજને લાંબા-ગાળાના તથા ટૂંકા-ગાળાના, બન્ને પ્રકારના ફાયદા થાય છે.

(b) વર્તણૂક વિશ્લેષકોની જવાબદારી છે કે તેઓ વ્યાખ્યાયિત વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે સેવાની જોગવાઈની યોગ્ય માત્રા તથા સ્તરનું અને ખામીઓનું સમર્થન કરે.

(c) એકથી વધુ વૈજ્ઞાનિક રૂપે સમર્થિત સારવાર સ્થાપિત કરવામાં આવી હોય તે કિસ્સાઓમાં, હસ્તક્ષેપની પસંદગી માટે વધારાના પરિબળો પર ધ્યાન આપવું જોઈએ, જેમાં અસરકારકતા અને વાજબી ખર્ચ, હસ્તક્ષેપોના જોખમો તથા આડઅસરો, ક્લાયન્ટની પ્રાધાન્યતા અને વ્યવસાયિકના અનુભવ તથા પ્રશિક્ષણનો સમાવેશ થાય છે, પરંતુ ત્યાં સુધી સીમિત નથી.

(d) વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-પરિવર્તનના લક્ષ્યને અસર કરી શકે તેમ છે તેવી કોઈ પણ સારવારોની અસરો વિશે જાગરૂક હોય તેની અને તેની વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમ પર થઈ શકનાર સંભવિત અસરની, શક્ય હોય ત્યાં સુધી સમીક્ષા તથા મૂલ્યાંકન કરે છે.

### 2.10 વ્યવસાયિક કાર્ય તથા સંશોધનનું દસ્તાવેજીકરણ.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો સેવાઓની જોગવાઈને ભવિષ્યમાં પોતાના માટે અથવા અન્ય વ્યવસાયિકો માટે મદદરૂપ બનાવવા, જવાબદારી સુનિશ્ચિત કરવા અને સંગઠનોની કે કાયદાની આવશ્યકતાઓની પૂર્તિ કરવા માટે પોતાના વ્યવસાયિક કાર્યનું યોગ્ય દસ્તાવેજીકરણ કરે છે.

(b) વર્તણૂક વિશ્લેષકોની જવાબદારી છે કે તેઓ ઉત્તમ પદ્ધતિઓ તથા કાયદા સાથે સાતત્યપૂર્ણ હોય તેવું વિગતવાર તથા ગુણવત્તાસભર દસ્તાવેજીકરણ કરે.

### 2.11 તથ્યોની નોંધ અને ડેટા.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો લાગુ થતા કાયદા, નિયમનો તથા નીતિઓ અનુસાર પોતાના સંશોધન, પદ્ધતિઓ તથા અન્ય કાર્યના તથ્યોની નોંધ તથા ડેટાની રચના, જાળવણી, પ્રસાર, સંગ્રહ, કબજો અને નિકાલ કરે છે; એ રીતે જે આ સંહિતાની આવશ્યકતાઓ સાથે સુસંગત હોવાની અનુમતિ આપે; અને એ રીતે જે સેવાની ખામીમાં કોઈ પણ સમયે યોગ્ય ફેરફાર કરવાની અનુમતિ આપે.

(b) વર્તણૂક વિશ્લેષકોએ ઓછામાં ઓછા સાત (7) વર્ષ સુધી અથવા કાયદાની આવશ્યકતાનુસાર તથ્યોની નોંધ તથા ડેટા

રાખવો જોઈએ.

## 2.12 કરાર, ફી અને આર્થિક વ્યવસ્થાઓ.

(a) સેવાઓનો અમલ કરતા પહેલાં, વર્તણૂક વિશ્લેષકો સુનિશ્ચિત કરે છે કે બધા પક્ષોની જવાબદારીઓ, પ્રદાન થનારી વર્તણૂક-વિશ્લેષણ સેવાઓનું કાર્યક્ષેત્ર અને આ સંહિતા હેઠળની વર્તણૂક વિશ્લેષકોની ફરજોની રૂપરેખા હોય તેવો હસ્તાક્ષરિત કરાર હાજર છે.

(b) વ્યવસાયિક કે વૈજ્ઞાનિક સંબંધમાં, શક્ય હોય તેટલી જલ્દી વર્તણૂક વિશ્લેષકો તેમના ક્લાયન્ટો સાથે કરાર કરે છે, જેમાં વળતર તથા બિલિંગની વ્યવસ્થાનો ઉલ્લેખ હોય છે.

(c) વર્તણૂક વિશ્લેષકોની ફી કાયદાનુસાર હોય છે અને તેઓ તેમની ખોટી ફી જણાવતા નથી. જો ભંડોળની મર્યાદાને કારણે સેવાઓ મર્યાદિત થવાની અપેક્ષા હોય, તો તે વિશે ક્લાયન્ટ સાથે બને તેટલી જલ્દી ચર્ચા કરવામાં આવે છે.

(d) જ્યારે ભંડોળની પરિસ્થિતિઓ બદલાય, ત્યારે ક્લાયન્ટ સાથે આર્થિક જવાબદારીઓ તથા મર્યાદાઓ વિશે વાત કરવી જોઈએ.

## 2.13 બિલિંગ રિપોર્ટમાં સચોટતા.

વર્તણૂક વિશ્લેષકો આપેલ સેવાનો પ્રકાર, ફી અથવા શુલ્ક, પ્રદાતાની ઓળખ, સંબંધિત પરિણામો અને અન્ય આવશ્યક વર્ણનાત્મક ડેટા ચોકસાઈપૂર્વક જણાવે છે.

## 2.14 સલાહ માટે તજ્જ્ઞ પાસે મોકલવા અને ફી.

વર્તણૂક વિશ્લેષકોએ કોઈ પણ પ્રકારની વ્યવસાયિક સલાહ માટે તજ્જ્ઞ પાસે મોકલવા માટે નાણાં, ભેટો અથવા અન્ય પ્રલોભનોનો અસ્વીકાર કરવો જોઈએ. સલાહ માટે તજ્જ્ઞ પાસે મોકલવા માટે એકથી વધુ વિકલ્પોનો સમાવેશ થવો જોઈએ અને ક્લાયન્ટની જરૂરિયાતના તથા તજ્જ્ઞોની અનુક્રમિત શ્રેણીની સુસંગતતાના આધારે થવું જોઈએ. સલાહ માટે તજ્જ્ઞ પાસે મોકલવા પ્રદાન અથવા પ્રાપ્ત કરતી વખતે, બે પક્ષો વચ્ચેના સંબંધ વિશે ક્લાયન્ટને જણાવવું જોઈએ.

## 2.15 સેવાઓ વચમાં અટકાવવી અથવા બંધ કરવી.

(a) વર્તણૂક વિશ્લેષકો સેવામાં ખલેલ અથવા તેની સમાપ્તિ ટાળવા માટે ક્લાયન્ટના હિતમાં જ કાર્ય કરે છે.

(b) વર્તણૂક વિશ્લેષકો આકસ્મિક ખલેલો (ઉદા. ત. માંદગી, ઈજા, અનુપલબ્ધતા, સ્થાનાંતરણ, ભંડોળમાં વિઘ્ન, આફત)ના કિસ્સામાં વર્તણૂક-વિશ્લેષણની સેવા ચાલુ રહે તે માટે વાજબી તથા સમયસર પ્રયાસો કરે છે.

(c) નોકરીના અથવા કરારના સંબંધ શરૂ કરતા પહેલાં, વર્તણૂક વિશ્લેષકો જો નોકરી અથવા કરારનો અંત આવે તો તે કિસ્સામાં સેવાઓ પ્રતિ જવાબદારીનો વ્યવસ્થિત તથા યોગ્ય ઉકેલ લાવે છે, જેમાં સેવાઓના અંતિમ લાભકર્તાના કલ્યાણ પર સૌથી વધુ ધ્યાન આપવામાં આવે છે.

*(d)* પરિવર્તનના પ્રયાસો કર્યા બાદ જ સેવાની સમાપ્તિ થાય છે. વર્તણૂક વિશ્લેષકો સમયસર વ્યવસાયિક સંબંધ પૂરો કરે છે, જ્યારે: (1) ક્લાયન્ટને સેવાની વધુ જરૂર ન હોય, (2) ક્લાયન્ટને સેવાથી લાભ ન થતો હોય, (3) સેવા ચાલુ રાખવાથી ક્લાયન્ટને હાનિ થતી હોય અથવા (4) ક્લાયન્ટ સેવા બંધ કરવાની વિનંતી કરે. *(4.11 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમો અને વર્તણૂક-વિશ્લેષણ સંબંધી સેવાઓ બંધ કરવી, પણ જુઓ)*

(e) વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટને અથવા નિરીક્ષિતને છોડી દેતા નથી. કોઈ પણ કારણસર સેવા બંધ કરતાં પહેલાં વર્તણૂક વિશ્લેષકો: સેવાની જરૂરિયાતની ચર્ચા કરે છે, સમાપ્તિ-પૂર્વે યોગ્ય સેવાઓ આપે છે, યોગ્ય હોય તે અનુસાર વૈકલ્પિક સેવા પ્રદાતાનું સૂચન કરે છે અને સંમતિ મેળવીને અન્ય પ્રદાતાને સેવા હસ્તાંતરિત કરવામાં સહાય માટેના અન્ય વાજબી પગલાં લે છે.

## 3.0 વર્તણૂકનું મૂલ્યાંકન.

વર્તમાન સંશોધન માટે યોગ્ય હોય તેવા હેતુઓ માટે વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-વિશ્લેષણના મૂલ્યાંકનની પદ્ધતિઓનો ઉપયોગ કરે છે.

### 3.1 વર્તણૂક-વિશ્લેષણકારી મૂલ્યાંકન.[RBT]

(a) ભલામણો કરતા પહેલાં અથવા વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમોની રચના કરતા પહેલાં વર્તણૂક-વિશ્લેષકો મૂલ્યાંકન કરે છે. મૂલ્યાંકનનો ઉપયોગમાં લેવાતો પ્રકાર ક્લાયન્ટની જરૂરિયાતો અને સંમતિ, પર્યાવરણીય પરિમાણો અને અન્ય સાંદર્ભિક પરિવર્તનો અનુસાર નિર્ધારિત થાય છે. જ્યારે વર્તણૂક-વિશ્લેષકો વર્તણૂક-ઘટાડાના કાર્યક્રમની રચના કરતા હોય, ત્યારે તેમણે પ્રથમ વ્યવહારુ મૂલ્યાંકન કરવું જરૂરી છે.

(b) વર્તણૂક-વિશ્લેષકોની ફરજ છે કે તેઓ વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમની રચના માટે નિર્ણયો તથા ભલામણો કરી શકાય તે રીતે, વર્તણૂક-વિશ્લેષકીય નિર્ણયોનો ઉપયોગ કરીને, ડેટા એકત્ર કરે અને તેને ગ્રાફિક સ્વરૂપે પ્રદર્શિત કરે.

### 3.2 તબીબી સલાહ.

જે વર્તણૂકનો સંદર્ભ લેવાયો હોય, તેના પર તબીબી અથવા જૈવિક પરિવર્તનોની અસર થયાની કોઈ પણ વાજબી સંભાવના હોય, તો વર્તણૂક-વિશ્લેષકો તબીબી સલાહ લેવાની ભલામણ કરે છે.

### 3.3 વર્તણૂક-વિશ્લેષણકારી મૂલ્યાંકનની સંમતિ.

(a) મૂલ્યાંકન કરતા પહેલાં, વર્તણૂક-વિશ્લેષકોએ ક્લાયન્ટને ઉપયોગમાં લેવાનારી પદ્ધતિ(ઓ), કોણ ભાગ લેશે અને પરિણામી માહિતીનો ઉપયોગ કેવી રીતે કરવામાં આવશે તેના વિશે સમજૂતી આપવી જરૂરી છે.

(b) વર્તણૂક-વિશ્લેષકોએ મૂલ્યાંકનની પદ્ધતિઓને અમલમાં મૂકતા પહેલાં આ પદ્ધતિઓ માટે ક્લાયન્ટની લેખિત સંમતિ મેળવવી જરૂરી છે.

### 3.4 મૂલ્યાંકનના પરિણામો સમજાવવા.

વર્તણૂક-વિશ્લેષકો ક્લાયન્ટને સમજાય તેવી ભાષામાં તથા ડેટાના ગ્રાફિક પ્રદર્શનોનો ઉપયોગ કરીને મૂલ્યાંકનના પરિણામોની સમજૂતી આપે છે.

### 3.5 સંમતિ - ક્લાયન્ટના તથ્યોની નોંધ.

મૂલ્યાંકનના હેતુ માટે ક્લાયન્ટના તથ્યો અન્ય સ્રોતો પાસેથી મેળવતા અથવા તેમને આપતા પહેલાં, વર્તણૂક-વિશ્લેષકો ક્લાયન્ટની લેખિત સંમતિ મેળવે છે.

## 4.0 વર્તણૂક વિશ્લેષકો અને વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમ.

વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમના બધાં પાસાં માટે જવાબદાર હોય છે – પરિકલ્પનાથી અમલીકરણ અને આખરે બંધ કરવા સુધી.

### 4.1 પરિકલ્પનાનું સાતત્ય.

વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-વિશ્લેષણના સિદ્ધાંતોની પરિકલ્પના સાથે સાતત્ય ધરાવે તેવા વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમોની રચના કરે છે.

### 4.2 આયોજનમાં ક્લાયન્ટનો સમાવેશ અને સંમતિ.

વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમોના આયોજનમાં તથા તેની સંમતિ માટે ક્લાયન્ટને સહભાગી બનાવે છે.

### 4.3 વ્યક્તિગત વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમો.

(a) વર્તણૂક વિશ્લેષકોએ અનન્ય વર્તણૂકો, પર્યાવરણીય પરિવર્તનશીલ પરિબળો, મૂલ્યાંકનના પરિણામો અને દરેક ક્લાયન્ટના લક્ષ્યો

અનુસાર વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમની રચના કરવી જોઈએ.

(b) વર્તણૂક વિશ્લેષકો અન્ય વ્યવસાયિકોના વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમની ઊઠાંતરી કરતા નથી.

### 4.4 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમો મંજૂર કરવા.

વર્તણૂક વિશ્લેષકોએ વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમનો અમલ કે નોંધપાત્ર સુધારા (ઉદાહરણ તરીકે, લક્ષ્યમાં ફેરફાર, નવી પદ્ધતિઓ) કરતા પહેલાં ક્લાયન્ટની લેખિત સંમતિ મેળવવી જરૂરી છે.

### 4.5 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમના હેતુઓનું વર્ણન કરવું.

વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમનો અમલ કરવાનો પ્રયાસ કરતા પહેલાં ક્લાયન્ટને લેખિતમાં તેના ઉદ્દેશ્યોનું વર્ણન કરે છે. શક્ય હોય ત્યાં સુધી, ઉદ્દેશ્ય પાર પાડવા માટે અમલમાં મૂકવાની પદ્ધતિઓ વિશેનું જોખમ-લાભ પૃથક્કરણ કરવું જોઈએ. કાર્યક્રમના ઉદ્દેશ્યો અને તે પાર પાડવાની રીતો એ ક્લાયન્ટ-વ્યવસાયિકના સંબંધના સમયગાળા દરમિયાનની અવિરત પ્રક્રિયા છે.

### 4.6 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમની સફળતા માટેની પરિસ્થિતિઓનું વર્ણન કરવું.

વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમની અસરકારકતા માટેની આવશ્યક પર્યાવરણીય પરિસ્થિતિઓ ક્લાયન્ટને વર્ણવે છે.

### 4.7 અમલીકરણમાં ખલેલ કરતી પર્યાવરણીય પરિસ્થિતિઓ.

(a) જો પર્યાવરણીય પરિસ્થિતિઓને કારણે વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમનો અમલ અટકી જાય, તો વર્તણૂક વિશ્લેષકો ભલામણ કરે છે કે અન્ય વ્યવસાયિક સેવાઓ (ઉદા. ત., અન્ય વ્યવસાયિકો દ્વારા મૂલ્યાંકન, સલાહ અથવા સારવાર-સંબંધી મધ્યસ્થતા) લેવી જોઈએ.

(b) જો પર્યાવરણીય પરિસ્થિતિઓને કારણે વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમમાં વિઘ્નો આવે, તો વર્તણૂક વિશ્લેષકો પર્યાવરણીય વિઘ્નો દૂર કરે છે અથવા તેમ કરવામાં આવતા વિઘ્નો વિશે લેખિતમાં જણાવે છે.

### 4.8 સજા પદ્ધતિઓ સંબંધી વિચાર.

(a) વર્તણૂક વિશ્લેષકો, જ્યારે પણ શક્ય હોય ત્યારે, સજાના બદલે સહાયકારી પ્રયાસોની ભલામણ કરે છે.

(b) જો સજાની પ્રક્રિયાઓ જરૂરી હોય, તો વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમમાં વૈકલ્પિક વર્તણૂક માટેની સહાયકારી પ્રયાસોની પદ્ધતિઓ હંમેશાં સામેલ કરે છે.

(c) સજા-આધારિત પદ્ધતિઓનો અમલ કરતા પહેલાં વર્તણૂક વિશ્લેષકો ખાતરી કરે છે કે સહાયકારી પ્રયાસો-આધારિત પદ્ધતિઓનો અમલ કરવા માટે યોગ્ય પગલાં લેવાયાં છે, સિવાય કે વર્તણૂકની ગંભીરતા કે જોખમીપણાને કારણે અપવર્તી પદ્ધતિઓનો તાત્કાલિક ઉપયોગ કરવો આવશ્યક હોય.

(d) વર્તણૂક વિશ્લેષકો ખાતરી કરે છે કે અપવર્તી પદ્ધતિઓની સાથે પ્રશિક્ષણ, નિરીક્ષણ અને ભૂલના ઉચ્ચતર સ્તરો છે. વર્તણૂક વિશ્લેષકોએ અપવર્તી પદ્ધતિઓનું સમયસર મૂલ્યાંકન કરવું જોઈએ અને જો વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમ અસરકારક ન હોય, તો તેમાં ફેરફારો કરવા જોઈએ. વર્તણૂક વિશ્લેષકો જ્યારે પણ અપવર્તી પદ્ધતિઓના ઉપયોગની આવશ્યકતા ન હોય ત્યારે તેને બંધ કરવા માટેની યોજના હંમેશાં સામેલ કરે છે.

### 4.9 ન્યૂનતમ પ્રતિબંધકારી પદ્ધતિઓ.

વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટ અથવા ક્લાયન્ટ-સરોગેટને કાર્યક્રમમાંના ફેરફારો તથા ફેરફારો માટેના કારણો સમજાવે છે અને ફેરફારોનો અમલ કરવા માટેની સંમતિ મેળવે છે.

### 4.10 હાનિકારક પ્રબળતાઓ ટાળવી.[RBT]

વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટની તંદુરસ્તી તથા વિકાસ માટે હાનિકારક હોય અથવા જેની અસર થવા માટે અત્યધિક પ્રેરક કાર્યની આવશ્યકતા હોય તેવી આઈટમોનો સંભવિત બળવર્ધક તરીકે ઓછામાં ઓછો ઉપયોગ કરે છે.

### 4.11 વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમો અને વર્તણૂક-વિશ્લેષણ સંબંધી સેવાઓ બંધ કરવી.

(a) વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક પરિવર્તન કાર્યક્રમ બંધ કરવા માટે સમજી શકાય તેવા તથા નિષ્પક્ષ (અર્થાત્ માપી શકાય તેવા) માપદંડની સ્થાપના કરે છે અને ક્લાયન્ટને સમજાવે છે. *(2.15d સેવાઓ વચમાં અટકાવવી કે બંધ કરવી, પણ જુઓ)*

(b) સેવા બંધ કરવાના સ્થાપિત માપદંડની સ્થિતિ આવે, જેમ કે જે લક્ષ્યો માટે સંમતિ થઈ હોય તે જ્યારે પ્રાપ્ત થાય, ત્યારે વર્તણૂક વિશ્લેષકો ક્લાયન્ટને સેવા આપવાનું બંધ કરે છે. *(2.15d સેવાઓ વચમાં અટકાવવી કે બંધ કરવી, પણ જુઓ)*

## 5.0 નિરીક્ષક તરીકે વર્તણૂક વિશ્લેષકો.

જ્યારે વર્તણૂક વિશ્લેષકો નિરીક્ષક તરીકે કાર્ય કરતા હોય, ત્યારે તેમણે આ કાર્ય હાથ ધરવાની બધી જવાબદારી લેવી જોઈએ. *(1.6 એકથી વધુ સંબંધો અને હિતોની વિસંવાદિતા, 1.7 શોષક સંબંધો, 2.5 ક્લાયન્ટોના અધિકારો અને વિશેષાધિકારો, 2.6 ગુપ્તતાની જાળવણી, 2.15 સેવાઓ વચમાં અટકાવવી અથવા બંધ કરવી, 8.4 મિડીયાને રજૂઆતો અને મિડીયા-આધારિત સેવાઓ, 9.2 જવાબદાર સંશોધનની લાક્ષણિકતાઓ, 10.5 BACBના નિરીક્ષણ તથા અભ્યાસક્રમના ધોરણોનું અનુપાલન, પણ જુઓ)*

### 5.1 નિરીક્ષણનું સામર્થ્ય.

વર્તણૂક વિશ્લેષકો તેમના વ્યાખ્યાયિત સામર્થ્યના વિસ્તારની અંદર રહીને જ નિરીક્ષણ કરે છે.

### 5.2 નિરીક્ષણની માત્રા.

વર્તણૂક વિશ્લેષકો તેમના સામર્થ્યને અસરકારક થવા માટે અનુરૂપ હોય તેટલા જ પ્રમાણમાં નિરીક્ષણનું કાર્ય હાથમાં લે છે.

### 5.3 નિરીક્ષક પ્રતિનિધિ મંડળ.

a) વર્તણૂક વિશ્લેષકો તેમના નિરીક્ષિતોને એ જ જવાબદારીઓ સોંપે છે જેને આ વ્યક્તિઓ ક્ષમતાથી, નૈતિકતાથી અને સુરક્ષિત રીતે નિભાવી શકે.

b) જો નિરીક્ષિતો ક્ષમતાથી, નૈતિકતાથી અને સુરક્ષિત રીતે કાર્ય કરવાની ક્ષમતા ન ધરાવતા હોય, તો વર્તણૂક વિશ્લેષકો એ નિપુણતા મેળવવા માટેની પરિસ્થિતિઓ પ્રદાન કરે છે.

### 5.4 અસરકારક નિરીક્ષણ તથા પ્રશિક્ષણની રચના.

વર્તણૂક વિશ્લેષકો ખાતરી કરે છે કે નિરીક્ષણ તથા પ્રશિક્ષણનું વિષયવસ્તુ વર્તણૂક-પૃથક્કારક છે, અસરકારક તથા નૈતિક રીતે રચાયેલ છે અને લાઈસન્સ મેળવવા, પ્રમાણીકરણ અથવા અન્ય વ્યાખ્યાયિત લક્ષ્યો માટેની આવશ્યકતાઓ પૂરી કરે છે.

### 5.5 નિરીક્ષણની પરિસ્થિતિઓ વિશે સંદેશાવ્યવહાર.

વર્તણૂક વિશ્લેષકો નિરીક્ષણના પ્રારંભ પૂર્વે નિરીક્ષણના હેતુ, આવશ્યકતાઓ, મૂલ્યાંકનના માપદંડ, શરતો અને નિયમોનું સ્પષ્ટ લેખિત વર્ણન પ્રદાન કરે છે.

### 5.6 નિરીક્ષિતોને પ્રતિભાવ આપવો.

a) વર્તણૂક વિશ્લેષકો પ્રતિભાવ તથા સહાયકારી પ્રયાસોની પ્રણાલીની રચના એ રીતે કરે છે જેથી નિરીક્ષિતનું કાર્યપ્રદર્શન બહેતર બને.

b) વર્તણૂક વિશ્લેષકો અવિરત ધોરણે નિરીક્ષિતના કાર્યપ્રદર્શન વિશેનો દસ્તાવેજીકૃત સમયસર પ્રતિભાવ આપે છે. *(10.5 BACBના નિરીક્ષણ તથા અભ્યાસક્રમના ધોરણોનું અનુપાલન, પણ જુઓ)*

### 5.7 નિરીક્ષણની અસરોનું મૂલ્યાંકન.

વર્તણૂક વિશ્લેષકો તેમની પોતાની નિરીક્ષણની પ્રવૃત્તિઓનું અવિરત મૂલ્યાંકન મેળવવા માટે પ્રણાલીઓની રચના કરે છે.

## 6.0 વર્તણૂક વિશ્લેષકોના વ્યવસાય પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની નૈતિક જવાબદારી.

વર્તણૂક વિશ્લેષકો વર્તણૂકના વિજ્ઞાન તથા વર્તણૂક વિશ્લેષણના વ્યવસાય પ્રતિ જવાબદાર છે.

### 6.1 સિદ્ધાંતોની પુષ્ટિ કરવી.[RBT]

a) સમગ્ર વ્યવસાયિક પ્રશિક્ષણ ઉપરાંત, વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-વિશ્લેષણના વ્યવસાયના નૈતિક મૂલ્યો, નીતિમત્તા અને સિદ્ધાંતોની જાળવણી તથા વિકાસ કરે છે.

b) વર્તણૂક વિશ્લેષકોની ફરજ છે કે તેઓ વર્તણૂક-વિશ્લેષણની વ્યવસાયિક તથા વૈજ્ઞાનિક સંગઠનો અથવા પ્રવૃત્તિઓમાં ભાગ લે.

### 6.2 વર્તણૂક વિશ્લેષણનો પ્રસાર કરવો.RBT

વર્તણૂક વિશ્લેષકો પ્રેઝન્ટેશન, ચર્ચાઓ અથવા અન્ય માધ્યમો દ્વારા જાહેર જનતા માટે વર્તણૂક વિશ્લેષણ વિશેની માહિતી ઉપલબ્ધ કરીને તેનો પ્રચાર કરે છે.

## 7.0 સહકાર્યકરો પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની નૈતિક જવાબદારી.

વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-વિશ્લેષણ તથા અન્ય વ્યવસાયના સહકાર્યકરો સાથે કાર્ય કરે છે અને તેઓ દરેક પરિસ્થિતિમાં આ નૈતિક જવાબદારીઓ વિશે સભાન હોવા જોઈએ. *(10.0 BACB પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની નૈતિક જવાબદારી પણ જુઓ)*

### 7.1 નૈતિક સંસ્કૃતિનો પ્રચાર કરવો.RBT

વર્તણૂક વિશ્લેષકો તેમના કાર્યક્ષેત્રમાં નૈતિક સંસ્કૃતિનો પ્રચાર કરે છે અને અન્ય લોકોને આ સંહિતા વિશે જાગૃત કરે છે.

### 7.2 અન્યો દ્વારા નૈતિક ઉલ્લંઘન અને હાનિનું જોખમ.RBT

(a) જો વર્તણૂક વિશ્લેષકો માનતા હોય કે કાયદાકીય અથવા નૈતિક ઉલ્લંઘન થયું હોઈ શકે છે, તો તેઓ પ્રથમ એ નક્કી કરે છે કે હાનિની સંભવિતતા, સંભવિત કાયદાકીય ઉલ્લંઘન, અહેવાલ આપવો ફરજિયાત હોય તેવી પરિસ્થિતિ અથવા ઉલ્લંઘન પ્રતિ પગલાં લેનાર કોઈ એજન્સી, સંસ્થા અથવા નિયમનકારી આવશ્યકતા છે કે નહીં.

(b) જો ક્લાયન્ટના કાયદાકીય અધિકારોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોય, અથવા હાનિની સંભાવના હોય, તો વર્તણૂક વિશ્લેષકોએ ક્લાયન્ટની સુરક્ષા માટે જે આવશ્યક પગલાં લેવા જોઈએ તેમાં સંબંધિત સત્તાધિકારીઓનો સંપર્ક કરવાનો, સંગઠનીય નીતિઓનું પાલન કરવાનો, યોગ્ય વ્યવસાયિકોની સલાહ લેવાનો અને બાબત વિશે તેમણે કરેલાં પ્રયાસોનું દસ્તાવેજીકરણ કરવાનો સમાવેશ થાય છે, પરંતુ ત્યાં સુધી સીમિત નથી.

(c) જો કોઈ અનૌપચારિક ઉકેલ યોગ્ય જણાય, અને તે ગોપનીયતાના કોઈ પણ અધિકારોનું ઉલ્લંઘન ન કરતો હોય, તો વર્તણૂક વિશ્લેષકો સમસ્યા પ્રતિ તે વ્યક્તિનું ધ્યાન દોરીને સમસ્યાનો ઉકેલ લાવવાનો અને તે બાબત વિશે તેમણે કરેલા પ્રયાસોનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયાસ કરે છે. જો સમસ્યાનો ઉકેલ ન આવે, તો વર્તણૂક વિશ્લેષકો સંબંધિત સત્તાધિકારી (ઉદા. ત., નોકરીદાતા (એમ્પ્લોયર), નિરીક્ષક, નિયમનકારી સત્તા)ને સમસ્યાનો અહેવાલ મોકલે છે.

(d) જો બાબત BACBની અહેવાલ આપવાની આવશ્યકતાઓનું પાલન કરતી હોય, તો વર્તણૂક વિશ્લેષકો BACBને ઔપચારિક ફરિયાદ સબમિટ કરે છે. *(10.2 BACBને સમયસર પ્રતિસાદ આપવો, અહેવાલ આપવો અને તેને પ્રદાન કરેલી માહિતી અદ્યતન કરવી, પણ જુઓ)*

## 8.0 જાહેર નિવેદનો.

વર્તણૂક વિશ્લેષકો તેમની વ્યવસાયિક સેવાઓ, ઉત્પાદનો અથવા પ્રકાશનો અથવા વર્તણૂક વિશ્લેષણના વ્યવસાય સાથે સંબંધિત જાહેર નિવેદનોમાં આ સંહિતાનું પાલન કરે છે. જાહેર નિવેદનોમાં સશુલ્ક અથવા નિઃશુલ્ક જાહેરાત, બ્રોશર, છાપેલી સામગ્રી, ડિરેક્ટરીની સૂચિઓ, વ્યક્તિગત વ્યવસાયિક સારાંશ, મિડીયામાં ઉપયોગ માટેના ઈન્ટર્વ્યુ અથવા ટિપ્પણીઓ, કાયદાકીય પ્રક્રિયાઓમાંના નિવેદનો, વક્તવ્યો તથા જાહેર પ્રેઝન્ટેશન, સામાજિક મિડીયા અને પ્રકાશિત સામગ્રીનો સમાવેશ થાય છે, પરંતુ ત્યાં સુધી સીમિત નથી.

### 8.1 ખોટાં અથવા છેતરામણાં નિવેદનો કરવાનું ટાળવું.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો તેમના પોતાના અથવા તેઓ જે સંસ્થાઓના સહભાગી હોય તેના સંશોધન, પ્રેક્ટિસ અથવા અન્ય કાર્ય-પ્રવૃત્તિઓ વિશે નિવેદન કરીને , અભિવ્યક્ત કરીને કે સૂચન કરીને અથવા ઉપેક્ષા કરીને ખોટાં, છેતરામણાં, ગેરમાર્ગે

દોરતાં, અતિશયોક્તિ ધરાવતાં કે કપટપૂર્ણ જાહેર નિવેદનો કરતાં નથી. વર્તણૂક વિશ્લેષકો તેમના વર્તણૂક-વિશ્લેષણના કાર્ય માટેના શાખપત્રો તરીકે, પ્રાથમિક રૂપે કે વિશિષ્ટ રૂપે વર્તણૂક-વિશ્લેષણકારી વિષયવસ્તુ ધરાવતી હોય તેવી ડિગ્રીઓનો જ દાવો કરે છે.

(b) વર્તણૂક વિશ્લેષકો બિન-વર્તણૂક-વિશ્લેષણકારી હસ્તક્ષેપોનો અમલ કરતા નથી. માત્ર બિન-વર્તણૂક-વિશ્લેષણકારી શિક્ષણ, ઔપચારિક પ્રશિક્ષણ અને પ્રમાણપત્રના સંદર્ભમાં બિન-વર્તણૂક-વિશ્લેષણકારી સેવાઓ પ્રદાન કરી શકાય છે. આવી સેવાઓને, નિમ્નલિખિત અસ્વીકૃતિનો ઉપયોગ કરીને, તેમની વર્તણૂક-વિશ્લેષણકારી પ્રૅક્ટિસથી અને BACB પ્રમાણીકરણથી સ્પષ્ટ રૂપે જુદી પાડવી જરૂરી છે: "આ હસ્તક્ષેપો વર્તણૂક-વિશ્લેષણકારી નથી અને મારા BACBના પ્રમાણપત્ર દ્વારા આવરિત નથી." અસ્વીકૃતિ બધા બિન-વર્તણૂક-વિશ્લેષણકારી હસ્તક્ષેપોના નામ તથા વર્ણનની સાથે મુકાવી જરૂરી છે.

(c) વર્તણૂક વિશ્લેષકો બિન-વર્તણૂક-વિશ્લેષણકારી સેવાઓની વર્તણૂક-વિશ્લેષણકારી સેવાઓ તરીકે જાહેરાત કરતા નથી.

(d) વર્તણૂક વિશ્લેષકો બિલ, ઇન્વૉઇસ અથવા ખર્ચ-ભરપાઈની વિનંતીઓ પર બિન-વર્તણૂક-વિશ્લેષણકારી સેવાઓને વર્તણૂક-વિશ્લેષણકારી સેવાઓ તરીકે દર્શાવતા નથી.

(e) વર્તણૂક વિશ્લેષકો વર્તણૂક-વિશ્લેષણકારી સેવાઓના પ્રમાણીકરણ હેઠળ બિન-વર્તણૂક-વિશ્લેષણકારી સેવાઓ અમલમાં મૂકતા નથી.

## 8.2 બૌદ્ધિક સંપદા.[RBT]

(a) વર્તણૂક વિશ્લેષકો ટ્રેડમાર્ક અથવા કૉપિરાઇટ ધરાવતી સામગ્રીના ઉપયોગ માટે કાયદાનુસાર આવશ્યક અનુમતિ મેળવે છે. આમાં અન્ય લોકોની બૌદ્ધિક સંપદાની ઓળખ આપતી સામગ્રી પરના ટ્રેડમાર્ક અથવા કૉપિરાઇટના ચિહ્નો સહિત, પ્રશસ્તિ પ્રદાન કરવાનો સમાવેશ થાય છે.

(b) વર્તણૂક વિશ્લેષકો વક્તવ્ય આપતી વખતે, વર્કશૉપ દરમિયાન અથવા અન્ય પ્રેઝન્ટેશનમાં લેખકોને યોગ્ય શ્રેય આપે છે.

## 8.3 અન્યોના નિવેદનો.[RBT]

(a) પોતાની વ્યવસાયિક પ્રૅક્ટિસ, ઉત્પાદનો અથવા પ્રવૃત્તિઓના પ્રચાર માટે જાહેર નિવેદનો રચવા અથવા મુકવા માટે અન્ય લોકોની સેવા લેતા વર્તણૂક વિશ્લેષકો આવા નિવેદનો માટે વ્યવસાયિક રૂપે જવાબદાર હોય છે.

(b) વર્તણૂક વિશ્લેષકો જેમના ઉપર દેખરેખ ન રાખતા હોય તેવા લોકોને (દા. ત. નોકરીદાતાઓ, પ્રકાશકો, પ્રાયોજકો, સંગઠનીય ક્લાયન્ટો, અને પ્રિંટ અથવા બ્રૉડકાસ્ટ મિડીયાના પ્રતિનિધિઓને) વર્તણૂક વિશ્લેષકોની પ્રૅક્ટિસ અથવા વ્યવસાય અથવા વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ વિશે છેતરામણા નિવેદનો કરતા અટકાવવા માટે વાજબી પ્રયાસો કરે છે.

(c) જો વર્તણૂક વિશ્લેષકોની જાણમાં આવે કે તેમના કાર્ય વિશે અન્ય લોકોએ છેતરામણાં નિવેદનો કર્યાં છે, તો વર્તણૂક વિશ્લેષકો આવા નિવેદનો સુધારે છે.

(d) વર્તણૂક વિશ્લેષકોની પ્રવૃત્તિઓ વિશેની સશુલ્ક જાહેરાત તે મુજબ ઓળખાવી જોઈએ, સિવાય કે તે સંદર્ભાનુસાર સ્વાભાવિક હોય.

## 8.4 મિડીયાને રજૂઆતો અને મિડીયા-આધારિત સેવાઓ.

(a) ઈલેક્ટ્રોનિક મિડીયા (દા.ત. વીડિયો, ઇ-શિક્ષણ, સામાજિક મિડીયા, માહિતીનું ઈલેક્ટ્રોનિક પ્રસારણ)નો ઉપયોગ કરતા વર્તણૂક વિશ્લેષકો આ સંહિતાના પાલન માટે ઈલેક્ટ્રોનિક મિડીયાની સુરક્ષિતતા તથા મર્યાદાઓ વિશેની માહિતી મેળવતા રહે છે.

(b) ઈલેક્ટ્રોનિક મિડીયાનો ઉપયોગ કરીને જાહેર નિવેદન કે પ્રેઝન્ટેશન આપતા વર્તણૂક વિશ્લેષકો, તેમણે કાર્યાવધિ દરમિયાન તેમના ક્લાયન્ટો, નિરીક્ષકો, વિદ્યાર્થીઓ, સંશોધનના સહભાગીઓ અથવા તેમની સેવાઓ મેળવનારા અન્ય લોકોની મેળવેલી માહિતીને વ્યક્તિગત રીતે ઓળખી શકાય તે રીતે જાહેર કરતા નથી, સિવાય કે લેખિત સંમતિ મેળવેલી હોય.

(c) ઈલેક્ટ્રોનિક મિડીયાનો ઉપયોગ કરીને પ્રેઝન્ટેશન આપતા વર્તાણૂક વિશ્લેષકો, જ્યારે પણ શક્ય હોય ત્યારે, ભાગ લેનાર વ્યક્તિઓ વિશેની ગોપનીય માહિતી છાની રાખે છે, જેથી અન્ય લોકો તેમને વ્યક્તિગત રીતે ઓળખી ન શકે અને ઓળખી શકાય તેવી ભાગ લેનાર વ્યક્તિઓને ચર્ચાઓને કારણે કોઈ હાનિ ન થાય.

(d) વર્તાણૂક વિશ્લેષકો જ્યારે પણ જાહેર વક્તવ્યો, પ્રદર્શનો, રેડિયો કે ટેલિવિઝન કાર્યક્રમો. ઈલેક્ટ્રોનિક મિડીયા, લેખો, ટપાલમાં મોકલેલી સામગ્રી અથવા અન્ય માધ્યમ દ્વારા જાહેર નિવેદનો, સલાહ અથવા ટિપ્પણી આપે, ત્યારે તેઓ વાજબી સાવચેતી રાખીને ખાતરી કરે છે કે (1) નિવેદનો યોગ્ય વર્તાણૂક-વિશ્લેષણકારી સાહિત્ય તથા પ્રેક્ટિસ પર આધારિત છે, (2) નિવેદનો અન્યથા આ સંહિતા સાથે સુસંગત છે અને (3) સલાહ અથવા ટિપ્પણીને કારણે પ્રાપ્તિકર્તા સાથે કોઈ પ્રકારના સેવા-કરારની રચના થતી નથી.

### 8.5 પ્રશંસાપત્રો અને જાહેરાત.RBT

વર્તાણૂક વિશ્લેષકો પોતાના વેબપેજ પર કે અન્ય ઈલેક્ટ્રોનિક કે પ્રિંટ સામગ્રીમાં પ્રકાશન કરવા માટે હાલના ક્લાયન્ટો પાસેથી વર્તાણૂક-વિશ્લેષણની સેવાઓ વિશેના પ્રશંસાપત્રો મેળવાનો આગ્રહ રાખતા નથી કે તેનો ઉપયોગ કરતા નથી. ભૂતપૂર્વ ક્લાયન્ટો પાસેથી મળેલા પ્રશંસાપત્રોમાં દર્શાવેલું હોવું જરૂરી છે કે તે આગ્રહથી કે આગ્રહ વિના મેળવેલા છે, વર્તાણૂક વિશ્લેષક તથા પ્રશંસાપત્રના લખનાર વચ્ચેના સંબંધ વિશેનું સચોટ વિધાન સામેલ હોવું જોઈએ અને પ્રશંસાપત્રમાં કરેલા દાવા લાગુ થતા બધા કાયદાનું પાલન કરતા હોવા જોઈએ.

વર્તાણૂક વિશ્લેષકો લાગુ થતા કાયદા અનુસાર, તેઓ પ્રદાન કરે છે તે સાબિતી-આધારિત સેવાઓના પ્રકારો, તેમના કર્મચારીઓની યોગ્યતાઓ, તેમને મળેલા કે તેમણે પ્રકાશિત કરેલા તટસ્થ પરિણામી ડેટાનું વર્ણન કરીને જાહેરાત કરી શકે છે.

### 8.6 રૂબરૂ સલાહ.RBT

વર્તાણૂક વિશ્લેષકો પ્રત્યક્ષ રૂપે કે એજન્ટ દ્વારા, સેવાઓના વાસ્તવિક કે સંભવિત ઉપયોગકર્તાઓને, કે જેઓ તેમની વિશિષ્ટ પરિસ્થિતિઓને કારણે અનુચિત પ્રભાવ પ્રતિ અતિસંવેદનશીલ હોય તેમને, રૂબરૂમાં વ્યવસાયની વણમાગી સલાહ આપતા નથી. કૉર્પોરેટ સંગઠનોને, તેમની આર્થિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, સંગઠનીય વર્તાણૂક સંચાલન અથવા કાર્યપ્રદર્શન સંચાલન સેવાઓનું માર્કેટિંગ કરી શકાય છે.

## 9.0 વર્તાણૂક વિશ્લેષકો અને સંશોધન.

વર્તાણૂક વિશ્લેષકો વૈજ્ઞાનિક ક્ષમતા તથા નૈતિક સંશોધનના માન્ય ધોરણો અનુસાર સંશોધનની રચના કરે છે, હાથ ધરે છે અને તેનો અહેવાલ આપે છે.

### 9.1 કાયદા અને નિયમોનું પાલન.RBT

વર્તાણૂક વિશ્લેષકો સંશોધનનું આયોજન તથા તેને હાથ ધરવાનું એ રીતે કરે છે જે લાગુ થતા બધા કાયદા તથા નિયમોની સાથે-સાથે સંશોધન હાથ ધરવાને નિયંત્રિત કરતા વ્યવસાયિક ધોરણો અનુસાર હોય. વર્તાણૂક વિશ્લેષકો ફરજિયાત-અહેવાલ આપવાની આવશ્યકતાઓ સંબંધિત લાગુ થતા અન્ય કાયદા તથા નિયમોનું પણ પાલન કરે છે.

### 9.2 જવાબદાર સંશોધનની લાક્ષણિકતાઓ.

(a) વર્તાણૂક વિશ્લેષકો સ્વતંત્ર, ઔપચારિક સંશોધન સમીક્ષા બોર્ડ દ્વારા મંજૂરી મેળવ્યા પછી જ સંશોધન હાથ ધરે છે.

(b) ચિકિત્સકીય અથવા માનવીય સેવાઓની જોગવાઈ સાથે પ્રયોગાત્મક સંશોધન કરતા વર્તાણૂક વિશ્લેષકોએ ક્લાયન્ટ-ભાગ લેનાર વ્યક્તિ દ્વારા ખલેલ તથા સંશોધન બન્નેમાં સમાવેશ માટેની આવશ્યકતાઓનું પાલન કરવું જરૂરી છે. જ્યારે સંશોધન તથા ચિકિત્સકીય આવશ્યકતાઓમાં વિસંગતિ આવે, ત્યારે વર્તાણૂક વિશ્લેષકો ક્લાયન્ટના કલ્યાણને પ્રાધાન્યતા આપે છે.

(c) વર્તાણૂક વિશ્લેષકો ક્ષમતાથી તથા સંશોધનમાં ભાગ લેનાર વ્યક્તિઓના ગૌરવ તથા કલ્યાણને ધ્યાનમાં રાખીને સંશોધન હાથ ધરે છે.

(d) વર્તણૂક વિશ્લેષકો તેમના સંશોધનનું આયોજન એ રીતે કરે છે, જેમાં ગેરમાર્ગે દોરે તેવા પરિણામોની શક્યતા ઓછામાં ઓછી હોય.

(e) સંશોધકો તથા સહાયકોને માત્ર તે કાર્યો કરવાની અનુમતિ છે જેના માટે તેઓ પ્રશિક્ષિત અને તૈયાર છે. વર્તણૂક વિશ્લેષકો તેમના અથવા અન્ય લોકોના નિરીક્ષણ હેઠળ સહાયકો કે અન્ય વ્યક્તિઓ દ્વારા હાથ ધરવામાં આવેલા સંશોધનના નૈતિક અમલ માટે જવાબદાર હોય છે.

(f) જો કોઈ નૈતિક સમસ્યા અસ્પષ્ટ હોય, તો વર્તણૂક વિશ્લેષકો સ્વતંત્ર, ઔપચારિક સંશોધન સમીક્ષા બોર્ડની સલાહ, સમકક્ષ વ્યવસાયિકોની સલાહ અથવા અન્ય યોગ્ય પદ્ધતિ દ્વારા સમસ્યાનો ઉકેલ લાવવાના પ્રયાસ કરે છે.

(g) વર્તણૂક વિશ્લેષકો વ્યાખ્યાયિત સંબંધ (દા. ત. થિસિસ, ડિસર્ટેશન, વિશિષ્ટ સંશોધન પ્રોજેક્ટ)માંના નિરીક્ષક હેઠળ સફળતાપૂર્વક સંશોધન કર્યા બાદ જ સ્વતંત્ર રૂપે સંશોધન કરે છે.

(h) સંશોધન કરનારા વર્તણૂક વિશ્લેષકો તેમના ક્લાયન્ટો, નિરીક્ષિતો, સંશોધનમાં ભાગ લેનાર વ્યક્તિઓ, વિદ્યાર્થીઓ અને અન્ય સહકાર્યકરોના લાભને મહત્તમ તથા જોખમને ન્યૂનતમ કરવાના આવશ્યક પગલાં લે છે.

(i) વર્તણૂક વિશ્લેષકો તેમના સંશોધન કાર્યનો દુરુપયોગ કરી શકે તેવા વ્યક્તિગત, આર્થિક, સામાજિક, સંગઠનીય અથવા રાજકીય પરિબળોની અસર ન્યૂનતમ કરે છે.

(j) જો વર્તણૂક વિશ્લેષકોની જાણમાં આવે કે તેમના વ્યક્તિગત કાર્ય ઉત્પાદનોનો દુરુપયોગ અથવા ખોટી રજૂઆત થાય છે, તો તેઓ દુરુપયોગ અથવા ખોટી રજૂઆત સુધારવાના યોગ્ય પગલાં લે છે.

(k) વર્તણૂક વિશ્લેષકો સંશોધન હાથ ધરતી વખતે વિવાદો ટાળે છે.

(l) વર્તણૂક વિશ્લેષકો ભાગ લેનાર વ્યક્તિઓ અથવા સંશોધન થતું હોય તે વાતાવરણમાં ઓછામાં ઓછો હસ્તક્ષેપ કરે છે.

### 9.3 માહિતગાર સંમતિ.

વર્તણૂક વિશ્લેષકો ભાગ લેનાર વ્યક્તિઓને અથવા તેમના વાલીઓને અથવા સરોગેટને સમજાય તેવી ભાષામાં સંશોધનના પ્રકાર વિશે માહિતી આપે છે; કે તેઓ ભાગ લેવા માટે સ્વતંત્ર છે, ભાગ લેવાનું નકારી શકે છે, સંશોધનમાંથી કોઈ પણ સમયે બહાર નિકળી શકે છે જેના માટે કોઈ દંડ નથી; તેમની ભાગ લેવાની ઈચ્છાને અસર કરી શકે તેવા નોંધપાત્ર પરિબળો વિશે માહિતી આપે છે અને સંશોધન વિશે ભાગ લેનાર વ્યક્તિઓને જે કોઈ પ્રશ્નો હોય તેના જવાબ આપે છે.

### 9.4 ઉપદેશાત્મક અથવા નિર્દેશાત્મક હેતુઓ માટે ખાનગી માહિતીનો ઉપયોગ કરવો.

(a) વર્તણૂક વિશ્લેષકો તેમની કાર્યાવધિ દરમિયાન વ્યક્તિની કે સંગઠનીય ક્લાયન્ટની, સંશોધનમાં ભાગ લેનાર વ્યક્તિઓની અથવા તેમની સેવા મેળવનાર અન્ય વ્યક્તિઓની તેમને વ્યક્તિગત રૂપે ઓળખાવે તેવી તેમણે મેળવેલી માહિતી જાહેર કરતા નથી, સિવાય કે વ્યક્તિ અથવા સંગઠને લેખિત સંમતિ આપી હોય અથવા સિવાય કે અન્ય કાયદાકીય પ્રમાણીકરણ માટે તેમ કરવું જરૂરી હોય.

(b) વર્તણૂક વિશ્લેષકો ભાગ લેનાર વ્યક્તિઓ સંબંધિત માહિતી, જ્યારે પણ શક્ય હોય ત્યારે, ખાનગી રાખે છે, જેથી અન્ય વ્યક્તિઓ તેમને વ્યક્તિગત રૂપે ઓળખી ન શકે અને ઓળખી શકાય તેવી ભાગ લેનાર વ્યક્તિઓને ચર્ચાને કારણે કોઈ હાનિ ન થાય.

### 9.5 કાર્યાંતે અહેવાલ.

વર્તણૂક વિશ્લેષકો ભાગ લેનાર વ્યક્તિને માહિતી આપે છે કે સમાપ્તિ સમયે સંશોધનમાં ભાગ લેનારના સમાવેશ વિશે કાર્યાંત અહેવાલ આપવામાં આવશે.

### 9.6 અનુદાન અને જર્નલની સમીક્ષાઓ.

વર્તણૂક વિશ્લેષકો, કે જેઓ અનુદાન સમીક્ષા પૅનલમાં અથવા મૅન્યુસ્ક્રિપ્ટના સમીક્ષક તરીકે સેવા આપતા હોય તેઓ, અનુદાન દરખાસ્તોમાં અથવા તેમણે સમીક્ષા કરી હોય તે મૅન્યુસ્ક્રિપ્ટમાં વર્ણવેલ કોઈ પણ સંશોધન હાથ ધરવાનું ટાળે છે,

અપવાદ રૂપે પૂર્વ સંશોધકોને સંપૂર્ણ શ્રેય આપીને સંશોધનની પ્રતિકૃતિ તરીકે હાથ ધરી શકે છે.

### 9.7 બૌદ્ધિક ચોરી.

(a) વર્તણૂક વિશ્લેષકો યોગ્ય હોય તે દરેક સ્થાને અન્ય લોકોના કાર્યનો સંપૂર્ણ સંદર્ભ આપે છે.

(b) વર્તણૂક વિશ્લેષકો અન્ય લોકોના કાર્ય અથવા ડેટાના અંશ અથવા ઘટકોને પોતાના તરીકે રજૂ કરતા નથી.

### 9.8 યોગદાનોનો સ્વીકાર કરવો.

વર્તણૂક વિશ્લેષકો અન્ય લોકોને સહ-લેખક તરીકે સમાવીને કે ફૂટનોટમાં તેમના યોગદાનોનો ઉલ્લેખ કરીને સંશોધનમાં તેમના યોગદાનનો સ્વીકાર કરે છે. મુખ્ય લેખક તરીકેના તથા પ્રકાશનના અન્ય શ્રેય સંકળાયેલ વ્યક્તિઓના, તેમની સંબંધિત સ્થિતિને ધ્યાનમાં લીધા વિના, સંબંધિત વૈજ્ઞાનિક કે વ્યવસાયિક યોગદાનોને સચોટતાથી પ્રતિબિંબિત કરે છે. સંશોધનમાં કરવામાં આવેલા ગૌણ યોગદાનો અથવા પ્રકાશન માટેના અન્ય લખાણો યોગ્ય રીતે સ્વીકારાય છે, જેમ કે ફૂટનોટમાં અથવા પ્રસ્તાવનામાં.

### 9.9 ડેટાની સચોટતા અને તેનો ઉપયોગ.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો તેમના પ્રકાશનોમાં ડેટા ઉપજાવતા નથી કે ખોટાં પરિણામો જણાવતા નથી. જો વર્તણૂક વિશ્લેષકોને તેમના પ્રકાશિત ડેટામાં ભૂલ જણાય, તો તેઓ ભૂલ-સુધારણા, પાછું ખેંચીને, છાપભૂલ અથવા પ્રકાશનની અન્ય રીત દ્વારા આવી ભૂલો સુધારવાના પગલાં લે છે.

(b) વર્તણૂક વિશ્લેષકો તેમના કાર્યના અર્થઘટનમાં ફેરફાર કરી શકે તેવા તથ્યોને બાકાત રાખતા નથી.

(c) વર્તણૂક વિશ્લેષકો પૂર્વ પ્રકાશિત ડેટાને મૂળભૂત ડેટા તરીકે પ્રકાશિત કરતા નથી. જો ડેટાનો યોગ્ય રીતે સ્વીકાર કરવામાં આવ્યો હોય, તો આ નિયમ તે ડેટાનું પુન:પ્રકાશન કરવાને અટકાવતો નથી.

(d) સંશોધનના પરિણામો પ્રકાશિત થયા પછી, વર્તણૂક વિશ્લેષકો જે ડેટા પર તેમનો નિષ્કર્ષ આધારિત હોય તેને, અન્ય એવા સ્પર્ધાત્મક વ્યવસાયીઓથી છુપાવતા નથી, જેઓ પુન:વિશ્લેષણ દ્વારા નોંધપાત્ર દાવાઓ ચકાસવા ઇચ્છે છે અને જેઓ આવા ડેટાનો ઉપયોગ માત્ર તે હેતુસર કરવાનો ઉદ્દેશ્ય ધરાવે છે, એ શરતે કે ભાગ લેનાર વ્યક્તિઓની ગોપનીયતાનું રક્ષણ કરી શકાય અને ડેટાની માલિકી સંબંધી કાયદાકીય અધિકારો સિવાય ડેટાને જાહેર કરવાનું અટકાવી શકાતું હોય.

## 10.0 BACB પ્રતિ વર્તણૂક વિશ્લેષકોની નૈતિક જવાબદારી.

વર્તણૂક વિશ્લેષકોએ આ સંહિતાનું તથા BACBના બધા નિયમો તથા ધોરણોનું પાલન કરવું જોઈએ.

### 10.1 BACBને સાચી તથા સચોટ માહિતી પૂરી પાડવી.RBT

(a) વર્તણૂક વિશ્લેષકો BACBને સબમિટ કરવામાં આવેલી બધી અરજીઓ તથા દસ્તાવેજોમાં માત્ર સાચી માહિતી પ્રદાન કરે છે.

(b) વર્તણૂક વિશ્લેષકો BACBને સબમિટ કરવામાં આવેલી ખોટી માહિતી તાત્કાલિક સુધારવાની ખાતરી કરે છે.

### 10.2 BACBને સમયસર પ્રતિસાદ આપવો, અહેવાલ આપવો અને તેને પ્રદાન કરેલી માહિતી અદ્યતન કરવી.RBT

વર્તણૂક વિશ્લેષકોએ BACBની બધી સમયમર્યાદાઓનું પાલન કરવું જરૂરી છે, જેમાં સ્વીકૃતિ સ્થિતિ માટે નિમ્નલિખિત કોઈ પણ આધારની તારીખના ત્રીસ (30) દિવસની અંદર BACBને સૂચિત કરવામાં આવ્યું છે તેની ખાતરી કરવાનો સમાવેશ થાય છે પરંતુ ત્યાં સુધી સીમિત નથી:

(a) આ સંહિતાનું ઉલ્લંઘન અથવા સરકારી એજન્સી, સ્વાસ્થ્ય સંબંધી સંગઠન, થર્ડ પાર્ટી પેયર અથવા શૈક્ષણિક સંસ્થા દ્વારા શિસ્ત સંબંધી તપાસ, કાર્યવાહી અથવા દંડ, આરોપો દાખલ કરવા, દોષ-સિદ્ધિ અથવા દોષીની અરજી અથવા સ્પર્ધા-રહિતતા. પદ્ધતિ સંબંધી નોંધ: વર્તણૂક વિશ્લેષણની પ્રેક્ટિસ અને/અથવા જાહેર સ્વાસ્થ્ય તથા સુરક્ષા સાથે પ્રત્યક્ષ

સંકળાયેલા ઘોર અપરાધના દોષી વર્તણૂક વિશ્લેષકો BACBમાં નોંધણી, પ્રમાણીકરણ અથવા પુન:પ્રમાણીકરણ માટે અપીલની સમાપ્તિ, પેરોલ અથવા પ્રોબેશનની સમાપ્તિ, અથવા (જો હોય, તો) જેલમાંથી મુક્તિની અંતિમ તારીખથી, આમાં જે પછીથી આવે તેના, ત્રણ (3) વર્ષના સમયગાળા સુધી અરજી કરવા માટે અયોગ્ય રહેશે; *(1.4 અખંડિતતા, પણ જુઓ)*

(b) જાહેર સ્વાસ્થ્ય અથવા સુરક્ષા સંબંધિત દંડ અથવા ટિકિટ, જેમાં વર્તણૂક વિશ્લેષકનું નામ ટિકિટ પર હોય;

(c) શારીરિક અથવા માનસિક સ્થિતિ, કે જેના કારણે વર્તણૂક વિશ્લેષકની યોગ્યતાપૂર્વક પ્રૅક્ટિસ કરવાની ક્ષમતાને નુકસાન થાય; અને

(d) નામ, સરનામું અથવા ઈમેલ સંપર્કની વિગતમાં ફેરફાર.

### 10.3 ગોપનીયતા અને BACB બૌદ્ધિક સંપદા.RBT

વર્તણૂક વિશ્લેષકો BACBના બૌદ્ધિક સંપદા અધિકારોનું ઉલ્લંઘન કરતા નથી, જેમાં BACBના નિમ્નલિખિત અધિકારોનો સમાવેશ થાય છે પરંતુ ત્યાં સુધી સીમિત નથી:

(a) BACBની માલિકીના તથા દાવો કરાયેલા ટ્રેડમાર્ક, સર્વિસ ચિહ્ન, રજિસ્ટ્રેશન ચિહ્ન અને પ્રમાણીકરણ ચિહ્ન સહિત (આમાં BACBના સહભાગી, પ્રમાણીકરણ અથવા રજિસ્ટ્રેશનનું અર્થઘટન કરવાનો હેતુ ધરાવતા અતિશય સમાન ચિહ્નો, અથવા શૈક્ષણિક ABA પ્રમાણપત્રના સ્થાનની રાષ્ટ્રીય પ્રમાણીકરણ તરીકેની ખોટી રજૂઆતનો સમાવેશ થાય છે) પરંતુ ત્યાં સુધી સીમિત નહીં તેવા BACB લોગો, ACSલોગો, ACE લોગો, પ્રમાણપત્રો, શાખપત્રો તથા હોદ્દા;

(b) મૌલિક તથા બિન-મૌલિક કાર્યોના BACBના કૉપિરાઇટ, જેમાં ધોરણો, પદ્ધતિઓ, માર્ગદર્શિકાઓ, સંહિતા, કાર્ય લક્ષ્ય વિશ્લેષણ, વર્કગ્રુપના અહેવાલો, સર્વેક્ષણોનો સમાવેશ થાય છે પરંતુ ત્યાં સુધી સીમિત નથી; અને

(c) BACB-વિકસિત પરીક્ષાના પ્રશ્નો, આઇટમ બૅંકો, પરીક્ષાની વિગતો, પરીક્ષાના ફૉર્મ તથા પરીક્ષાની ગુણવહીઓ, જે BACBના સુરક્ષિત વ્યવસાયિક રહસ્યો છે તેના BACBના બધા કૉપિરાઇટ. વર્તણૂક વિશ્લેષકો પર BACBની કોઈ પણ પરીક્ષાની સામગ્રીના વિષયવસ્તુને, તેમને તેની જાણકારી કેવી રીતે પ્રાપ્ત થઈ તેને ધ્યાનમાં લીધા વિના, જાહેર કરવાથી સ્પષ્ટ રૂપે પ્રતિબંધ મૂકવામાં આવે છે. વર્તણૂક વિશ્લેષકો શંકાસ્પદ કે જ્ઞાત ઉલ્લંઘન અને/અથવા પરીક્ષાના વિષયવસ્તુની અનધિકૃત પહોંચ અને/અથવા BACBના બૌદ્ધિક સંપદા અધિકારોના ઉલ્લંઘન વિશે BACBને તાત્કાલિક અહેવાલ મોકલે છે. આ વિભાગનો તાત્કાલિક અહેવાલ મોકલવો આવશ્યક હોવાથી (વિભાગ 7.2c માં જણાવેલ) અનૌપચારિક ઉકેલ માટેના પ્રયાસો જતા કરવામાં આવે છે.

### 10.4 પરીક્ષાગત પ્રમાણિકતા અને અનિયમિતતા.RBT

વર્તણૂક વિશ્લેષકો BACBના બધા નિયમોનું પાલન કરે છે, જેમાં BACBની મંજૂરીપ્રાપ્ત પરીક્ષણ કેન્દ્રો અને પરીક્ષાના વ્યવસ્થાપકો અને શિસ્ત અધિકારીઓની આવશ્યકતાનુરૂપ નિયમો તથા પદ્ધતિઓનો સમાવેશ થાય છે. વર્તણૂક વિશ્લેષકોએ શંકાસ્પદ દગાખોરો અથવા BACB પરીક્ષાના વ્યવસ્થાપન સંબંધિત અન્ય કોઈ પણ નિયમ-વિરુદ્ધતા વિશે BACBને તાત્કાલિક અહેવાલ મોકલવો જોઈએ. પરીક્ષાની નિયમ-વિરુદ્ધતામાં BACBની પરીક્ષાઓ અથવા જવાબવહીઓની અનધિકૃત પહોંચ, જવાબોની નકલ કરવી, અન્ય વ્યક્તિને જવાબની નકલ કરવાની અનુમતિ આપવી, પરીક્ષાના સંચાલનમાં ખલેલ પાડવી, ખોટી માહિતી, શિક્ષણ કે પ્રમાણપત્ર આપવું અને પરીક્ષા પહેલાં, દરમિયાન અથવા પછી BACBની પરીક્ષાના વિષયવસ્તુ વિશે અથવા પહોંચ માટે અનધિકૃત કે ગેરકાયદેસર સલાહ આપવાનો અને/અથવા મેળવવાનો સમાવેશ થાય છે, પરંતુ ત્યાં સુધી સીમિત નથી. આ પ્રતિબંધમાં BACBની પરીક્ષાના પ્રશ્નો માટે અનધિકૃત પહોંચ આપનાર કોઈ પણ "એક્ઝામ ડમ્પ" (exam dump) તૈયારી સાઇટ અથવા બ્લૉગનો ઉપયોગ કરવાનો અથવા તેમાં ભાગ લેવાનો સમાવેશ થાય છે પરંતુ ત્યાં સુધી સીમિત નથી. જો કોઈ પણ સમયે જાણવા મળે કે આવેદક અથવા પ્રમાણપત્ર-ધારકે એક્ઝામ ડમ્પ સંસ્થામાં ભાગ લીધો છે અથવા તેનો ઉપયોગ કર્યો છે, તો યોગ્યતા પાછી ખેંચવા, પરીક્ષાના ગુણ રદ કરવા અથવા અન્યથા અયોગ્ય રીતે પ્રાપ્ત કરેલ પરીક્ષાના

વિષયવસ્તુના ઉપયોગ દ્વારા મેળવેલ પ્રમાણીકરણ રદબાતલ કરવા માટે તાત્કાલિક પગલાં લેવાઈ શકે છે.

### 10.5 BACBના નિરીક્ષણ તથા અભ્યાસક્રમના ધોરણોનું અનુપાલન.RBT

વર્તણૂક વિશ્લેષકો (નિરંતર શૈક્ષણિક ઘટનાઓ સહિત) કોર્સવર્ક, નિરીક્ષિત અનુભવ, RBT પ્રશિક્ષણ તથા મૂલ્યાંકન અને BCaBA નિરીક્ષણ, જો BACBના ધોરણો સાથે સુસંગત હોવાના હેતુથી હોય તો, BACBના ધોરણો અનુસાર હાથ ધરવામાં આવે છે તેની ખાતરી કરે છે. *(5.0 નિરીક્ષક તરીકે વર્તણૂક વિશ્લેષકો, પણ જુઓ).*

### 10.6 આ સંહિતા સાથે પરિચય કેળવવો.

વર્તણૂક વિશ્લેષકોની ફરજ છે કે તેઓ આ સંહિતા, લાગુ થતી અન્ય નૈતિક સંહિતાઓથી પરિચિત થાય, જેમાં નૈતિક વ્યવહાર માટેના લાઈસન્સ સંબંધી આવશ્યકતાઓ તથા વર્તણૂક વિશ્લેષકોના કાર્યમાં તેનો ઉપયોગ કરવાનો સમાવેશ થાય છે, પરંતુ ત્યાં સુધી સીમિત નથી. વ્યવહારના ધોરણ વિશે જાગરૂકતા ન હોય અથવા ગેરસમજ હોય, તો તેનાથી અનૈતિક વ્યવહારના ગુના સામે બચાવ થતો નથી.

### 10.7 અપ્રમાણિત વ્યક્તિઓ દ્વારા થતા પ્રતિનિધિત્વને પ્રોત્સાહન ન આપવું.RBT

વર્તણૂક વિશ્લેષકો બિન-પ્રમાણિત (અને જો લાગુ થતું હોય, તો નોંધણીરહિત) વ્યવસાયીઓ વિશે, જો તેઓ BACBના પ્રમાણપત્ર કે નોંધણીની સ્થિતિનું ખોટું પ્રતિનિધિત્વ કરતા હોય તો, રાજ્યના યોગ્ય લાઈસન્સિંગ બોર્ડને અને BACBને અહેવાલ મોકલે છે.

## પારિભાષિક શબ્દાવલિ

### વર્તણૂક વિશ્લેષક

વર્તણૂક વિશ્લેષક એ વ્યક્તિ છે જે BCBA અથવા BCaBAના શાખપત્રો (ક્રેડેન્શિયલ્સ) ધરાવે છે, નિરીક્ષણ માટે BCBA દ્વારા અધિકૃત વ્યક્તિ છે અથવા BCBA દ્વારા મંજૂરીપ્રાપ્ત કોર્સ શૃંખલાની સંયોજક છે. જ્યાં સંહિતાના ઘટકો RBTની પ્રૅક્ટિસ સાથે સુસંગત જણાય છે, ત્યાં "વર્તણૂક વિશ્લેષક"માં વર્તણૂક ટેક્નિશિયન (બિહેવિયર ટેક્નિશિયન)નો સમાવેશ થાય છે.

### વર્તણૂક-વિશ્લેષણ સેવાઓ

વર્તણૂક-વિશ્લેષણ સેવાઓ એ છે જે સ્પષ્ટ રૂપે વર્તણૂક વિશ્લેષણ (એટલે કે, વર્તણૂક વિજ્ઞાન)ના સિદ્ધાંતો તથા પદ્ધતિઓ પર આધારિત છે અને સામાજિક રૂપે મહત્ત્વપૂર્ણ રીતે વર્તણૂકમાં પરિવર્તન લાવવા માટે રચવામાં આવી છે. આ સેવાઓમાં સારવાર, મૂલ્યાંકન, પ્રશિક્ષણ, સલાહ-સૂચન, અન્ય લોકોનું સંચાલન તથા નિરીક્ષણ, શિક્ષણ અને નિરંતર શિક્ષણ આપતા રહેવાનો સમાવેશ થાય છે, પરંતુ ત્યાં સુધી સીમિત નથી.

### વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમ

વર્તણૂક-પરિવર્તન કાર્યક્રમ એ ઔપચારિક લેખિત દસ્તાવેજ છે, જે નિર્દિષ્ટ લક્ષ્યો પ્રાપ્ત કરવા માટેના દરેક મૂલ્યાંકન તથા સારવાર કાર્યની ટેકનોલોજિકલ વિગતનું વર્ણન કરે છે.

### ક્લાયન્ટ

વર્તણૂક વિશ્લેષકની વ્યવસાયિક સેવાઓના કોઈ પણ પ્રાપ્તકર્તા અથવા લાભાર્થી ક્લાયન્ટ કહેવાય છે. આ શબ્દમાં નિમ્નલિખિતનો સમાવેશ થાય છે, પરંતુ ત્યાં સુધી સીમિત નથી:

(a) સેવાઓના પ્રત્યક્ષ પ્રાપ્તકર્તા;
(b) સેવાઓના પ્રાપ્તકર્તાના માતા-પિતા, સગાં, કાનૂની પ્રતિનિધિ અથવા કાનૂની વાલી;
(c) વર્તણૂક વિશ્લેષકની સેવાઓ માટેના એમ્પ્લોયર, એજન્સીના પ્રતિનિધિ, સંસ્થાકીય પ્રતિનિધિ અથવા તૃતીય-પક્ષના ઠેકેદાર; અને/અથવા
(d) સેવાઓની લાભાર્થી તરીકે જાણીતી કોઈ પણ વ્યક્તિ અથવા અસ્તિત્વ અથવા જેને સામાન્ય રીતે "ક્લાયન્ટ" અથવા "ક્લાયન્ટ-સરોગેટ" માની શકાય.

આ વ્યાખ્યાના હેતુઓ માટે, 'ક્લાયન્ટ' શબ્દમાં તૃતીય-પક્ષના ઇન્શ્યોરર અથવા પેયરનો સમાવેશ થતો નથી, સિવાય કે તૃતીય-પક્ષના ઇન્શ્યોરર અથવા પેયર સાથે કરાર હેઠળ વર્તણૂક વિશ્લેષકની પ્રત્યક્ષ નિમણૂક કરવામાં આવી હોય.

## કાર્યસંબંધી મૂલ્યાંકન

કાર્યસંબંધી મૂલ્યાંકન, કે જે કાર્યસંબંધી વર્તણૂક મૂલ્યાંકન તરીકે પણ જાણીતું છે તે, પદ્ધતિઓની એ શ્રેણીનો ઉલ્લેખ કરે છે, જેનો ઉપયોગ સમસ્યાકારી વર્તણૂકના સંભવિત પર્યાવરણીય કારણોનું ઔપચારિક મૂલ્યાંકન કરવા માટે થાય છે. આ પદ્ધતિઓમાં ઇન્ફોર્મન્ટ (માહિતી આપનાર) મૂલ્યાંકનો (દા. ત. ઇન્ટર્વ્યુ, રેટિંગ સ્કેલ), કુદરતી પર્યાવરણમાં પ્રત્યક્ષ અવલોકન (દા. ત. ABC મૂલ્યાંકન) અને પ્રયોગાત્મક કાર્યસંબંધી વિશ્લેષણનો સમાવેશ થાય છે.

## એકથી વધુ સંબંધો

એકથી વધુ સંબંધો એ છે જેમાં વર્તણૂક વિશ્લેષક ક્લાયન્ટ સાથે અથવા ક્લાયન્ટની નજીકની અથવા તેની સાથે સંબંધિત વ્યક્તિ સાથે, વર્તણૂક-વિશ્લેષક તરીકે તથા બિન-વર્તણૂક-વિશ્લેષક તરીકે, બન્ને પ્રકારની ભૂમિકા એક જ સમયે ભજવે છે.

## જાહેર નિવેદનો

જાહેર નિવેદનોમાં સશુલ્ક અથવા નિ:શુલ્ક જાહેરાતો, બ્રોશર, છાપેલી સામગ્રી, ડિરેક્ટરીની સૂચિમાં સમાવેશ, વ્યક્તિગત રેઝ્યુમે અથવા કરિક્યુલમ વિટા, મિડીયામાં ઉપયોગ માટે ઇન્ટર્વ્યુ અથવા ટિપ્પણીઓ, કાનૂની પ્રક્રિયામાંના નિવેદનો, વક્તવ્યો તથા જાહેર પ્રેઝન્ટેશન, સામાજિક મિડીયા અને પ્રકાશિત સામગ્રીઓનો સમાવેશ થાય છે પરંતુ ત્યાં સુધી સીમિત નથી.

## સંશોધન

ઘણી વાર વ્યવસાયિક પ્રેઝન્ટેશનો અથવા પ્રકાશનો દ્વારા, વિદ્યાશાખા માટે સામાન્ય ઉપયોગમાં લઈ શકાય તેવી માહિતી ઉત્પન્ન કરવા માટે રચવામાં આવેલી કોઈ પણ ડેટા-આધારિત પ્રવૃત્તિ. પ્રયોગાત્મક રચનાનો ઉપયોગ કરવા માત્રથી સંશોધન ઘડાતું નથી. પહેલેથી એકત્ર કરેલા ડેટાના વ્યવસાયિક પ્રેઝન્ટેશન અથવા પ્રકાશનો વિભાગ 9.0 (વર્તણૂક વિશ્લેષકો અને સંશોધન), જે સંભાવ્ય સંશોધન પ્રવૃત્તિઓ (દા. ત. 9.2a) સાથે સંબંધિત છે તેના ઘટકોમાંથી બાકાત રાખવામાં આવેલ છે. જોકે, વિભાગ 9.1 ના બાકીના બધા સુસંગત ઘટકો (દા. ત. 9.1 કાયદા તથા નિયમોનું પાલન કરવું; ક્લાયન્ટના ડેટાના ઉપયોગ માટે 9.3 માહિતગાર સંમતિ) લાગુ થાય છે.

## સંશોધન સમીક્ષા બોર્ડ

વ્યવસાયિકોનું જૂથ, જેમનો નિવેદિત હેતુ છે માનવ સંશોધનમાં ભાગ લેનાર વ્યક્તિઓ સાથે નૈતિકતાપૂર્ણ વ્યવહાર થાય તે સુનિશ્ચિત કરવા માટે સંશોધન રજૂઆતો (પ્રપોઝલ)ની સમીક્ષા કરવી. આ બોર્ડ સરકાર અથવા વિશ્વવિદ્યાલયનું આધિકારિક અસ્તિત્વ (દા. ત. ઇન્સ્ટિટ્યૂશનલ રિવ્યુ બોર્ડ, હ્યુમન રિસર્ચ કમિટી), સેવા એજન્સીના કાર્યક્ષેત્રની સ્ટેન્ડિંગ કમિટી અથવા આ હેતુ માટે રચવામાં આવેલ સ્વતંત્ર સંગઠન હોઈ શકે છે.

## ક્લાયન્ટોના અધિકારો અને વિશેષાધિકારો

અધિકારો અને વિશેષાધિકારોનો અર્થ છે માનવ અધિકારો, કાનૂની અધિકારો, વર્તણૂક વિશ્લેષણમાં સંહિતાકૃત કરવામાં આવેલ

અધિકારો અને ક્લાયન્ટના લાભ માટે રચવામાં આવેલ સંગઠનીય તથા વ્યવસ્થાપકીય નિયમો તથા નિયમનો.

## જોખમ-લાભ વિશ્લેષણ

જોખમ-લાભ વિશ્લેષણ એ આપેલ હસ્તક્ષેપ સાથે સંકળાયેલ સંભવિત જોખમો (દા. ત. મર્યાદાઓ, આડઅસરો, ખર્ચા) અને લાભ (દા. ત. સારવારના પરિણામ, અસરકારકતા, બચત)નું હેતુપૂર્વકનું મૂલ્યાંકન છે. જોખમ-લાભ વિશ્લેષણના નિષ્કર્ષ રૂપે જોખમ કરતાં વધુ લાભદાયક પગલાંની શ્રેણી હોવી જરૂરી છે.

## સર્વિસ રેકોર્ડ

ક્લાયન્ટના સર્વિસ રેકોર્ડમાં લેખિત વર્તણૂક-પરિવર્તન યોજનાઓ, મૂલ્યાંકનો, ગ્રાફ, કાચો ડેટા, ઇલેક્ટ્રોનિક રોકોર્ડિંગ, પ્રગતિ સારાંશ અને લેખિત અહેવાલો (રિપોર્ટ)નો સમાવેશ થાય છે પરંતુ ત્યાં સુધી સીમિત નથી.

## વિદ્યાર્થી

વિદ્યાર્થી એ વ્યક્તિ છે જેણે કૉલેજ/વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ લીધો છે. ઔપચારિક વર્તણૂક-વિશ્લેષણકારી સૂચના દરમિયાન વિદ્યાર્થીને આ સંહિતા લાગુ થાય છે.

## નિરીક્ષિત

નિરીક્ષિત એ વ્યક્તિ છે જેની વર્તણૂક-વિશ્લેષણકારી સેવાઓનું વર્તણૂક વિશ્લેષક દ્વારા, વ્યાખ્યાયિત તથા સંમતિ-પ્રાપ્ત સંબંધના આધારે, નિરીક્ષણ કરવામાં આવે છે.

બિહેવિયર ઍનાલિસ્ટ સર્ટિફિકેશન બોર્ડ,® ઈન્ક. (“BACB®”) દ્વારા કૉપિરાઇટ © 2014. આ કાર્યના અંશ અથવા સંપૂર્ણ કાર્યની વ્યક્તિગત, શૈક્ષણિક અથવા નીતિ-નિર્ધારણના હેતુ માટે ઈલેક્ટ્રોનિક અને/અથવા પેપર પ્રતો બનાવી શકાય છે, એ શરતે કે આ પ્રતો નફા અથવા ધંધાદારી લાભ માટે બનાવવામાં અથવા વહેંચવામાં ન આવે. બધી પ્રતોમાં, નિયમનકારી અથવા લાઈસન્સ સંબંધી હેતુઓ માટે બનાવવામાં આવી હોય તે સિવાય, પ્રથમ પૃષ્ઠ પર આ નોટિસનો સમાવેશ થયો હોવો જોઈએ. યોગ્ય શ્રેય આપીને અંશોનો ઉલ્લેખ કરવાની અનુમતિ છે, જેમાં શ્રેય માટે “બિહેવિયર ઍનાલિસ્ટ સર્ટિફિકેશન બોર્ડ,® ઈન્ક. (“BACB®”) દ્વારા કૉપિરાઇટ © 2014, સર્વાધિકાર સુરક્ષિત.” લખેલું હોવું જરૂરી છે. અન્ય કોઈ પણ માધ્યમમાં, અન્ય કોઈ પણ પ્રકારના ઉપયોગો/વિતરણો માટે BACBની આગોતરી લેખિત અનુમતિ આવશ્યક છે, જે info@bacb.com પાસેથી ઉપલબ્ધ થઈ શકે છે.